સ્પર્ધાત્મક પરીક્ષાના ટોપર્સ વિદ્યાર્થીઓ માટેનું નં. 1 મેગેઝિન

# ICE® MAGIC

## CURRENT AFFAIRS

(112

નેશનલ સિંગલ ઈમરજન્સી હેલ્પલાઈન નંબર 112

નાણાકીય વર્ષ 2019-20ના ગુજરાત સરકારના બજેટ વિશેનો વિશેષાંક ટૂંક સમયમાં પ્રસિદ્ધ થશે.

2019 AERO INDIA

એશિયાનો સૌથી મોટો એર શો - 'એરો ઈન્ડિયા 2019'



Registration Of Marriage Of NRI Bill,2019



Tagore Award 2014-15-16

**સંપાદક**

**મૌલિક ગોંધિયા**

(Director - ICE)

[FEB-2019]

[17/02 to 23/02]

# WEEK-08

**CURRENT**

- અમેરિકાના રાષ્ટ્રપતિ શ્રી ડોનાલ્ડ ટ્રમ્પની અમેરિકામાં કટોકટીની જાહેરાત
- રાષ્ટ્રીય જળમાર્ગોના સુવ્યવસ્થિત ઉપયોગ માટે LADIS પોર્ટલ લોન્ચ
- BCCIના પ્રથમ લોકાયુક્ત તરીકે જસ્ટિસ ડી.કે. જૈનની નિમણૂક
- Factsheet Child Marriage 2019 - UNICEF Report
- વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીને સીઓલ શાંતિ પુરસ્કાર એનાયત
- EPFO દ્વારા વ્યાજદરમાં 0.10 ટકાનો વધારો

t.me/icerajkotofficial | icerajkot | icerajkot | icerajkot

SADGURU COMPLEX, 2nd FLOOR, NR. AKSHAR MANDIR,
KALAWAD ROAD, RAJKOT-360001.
CALL : 9375701110 / 9328001110

**17 FEBRUARY, 2019 SUNDAY**

## ➢ Factsheet Child Marriage 2019 - UNICEF Report

તાજેતરમાં **UNICEF** દ્વારા **'Factsheet Child Marriage 2019'** નામથી એક રિપોર્ટ પ્રસિદ્ધ કરવામાં આવ્યો છે.

- આ રિપોર્ટ અનુસાર **ભારત**માં છેલ્લા કેટલાક વર્ષોમાં **બાળલગ્નમાં ઘટાડો** થયો છે.
- આમ છતાં **બિહાર, પશ્ચિમ બંગાળ** અને **રાજસ્થાન**માં આ કુરિવાજ આજે પણ પ્રચલિત છે.
- ભારતમાં વર્ષ **2005 - 2006**માં **47 ટકા** છોકરીઓના લગ્ન 18 વર્ષની ઉંમર પહેલા જ થઈ ગયા હતા. વર્ષ **2015 - 2016**માં આ આંકડો ઘટીને **27 ટકા** થઈ ગયો છે.
- બિહાર, પશ્ચિમ બંગાળ અને રાજસ્થાન સિવાય ભારતના અન્ય રાજ્યોમાં બાળલગ્નમાં ઘટાડો થયો છે. તેમ છતાં કેટલાક જિલ્લામાં બાળલગ્નનું પ્રમાણ આજે પણ ખૂબ જ વધારે છે.

### વિશ્વમાં બાળલગ્નમાં ઘટાડો

છેલ્લા એક દાયકામાં **વિશ્વ**માં **બાળલગ્ન**ના પ્રમાણમાં **15 ટકા**નો ઘટાડો થયો છે.

- આમ છતાં હાલ વિશ્વમાં દર વર્ષે **1.2 કરોડ** છોકરીઓના લગ્ન 18 વર્ષથી ઓછી ઉંમરે થઈ જાય છે.
- હાલ વિશ્વમાં આશરે **65 કરોડ** એવી છોકરીઓ / મહિલાઓ છે કે જેમના લગ્ન 18 વર્ષ કરતા ઓછી ઉંમરે થયા હોય.

### ભારતમાં બાળલગ્ન વિરોધી કાયદો

ભારતમાં **બાળલગ્ન વિરોધી કાયદો** સૌપ્રથમ **1929**માં પસાર કરવામાં આવ્યો હતો.

- ત્યારબાદ **1949, 1978** અને **2006**માં તેમાં સંશોધન કરવામાં આવ્યું હતું.
- **બાળલગ્ન નિષેધ એક્ટ, 2006** અનુસાર ભારતમાં બાળલગ્ન કરાવવા માટે **2 વર્ષની જેલ અને 1 લાખ રૂપિયા દંડ**ની જોગવાઈ કરવામાં આવી છે.

**નોંધ : UNICEFનું પૂરું નામ United Nations International Children's Emergency Fund છે.**

## ➢ અમેરિકાના રાષ્ટ્રપતિ શ્રી ડોનાલ્ડ ટ્રમ્પની અમેરિકામાં કટોકટીની જાહેરાત

16 ફેબ્રુઆરી, 2019ના રોજ **અમેરિકા**ના રાષ્ટ્રપતિ **શ્રી ડોનાલ્ડ ટ્રમ્પે** અમેરિકામાં **રાષ્ટ્રીય કટોકટી**ની જાહેરાત કરી છે.

### અમેરિકામાં શા માટે કટોકટી લાદવામાં આવી છે?

અમેરિકામાં તમામ પ્રકારના સરકારી ખર્ચ માટે સંસદની મંજૂરી જરૂરી છે.

- તાજેતરમાં અમેરિકામાં **અમેરિકા અને મેક્સિકો**ની સરહદે **200 માઈલ** લાંબી **દિવાલ**ના નિર્માણ માટે અમેરિકાના રાષ્ટ્રપતિ શ્રી ડોનાલ્ડ ટ્રમ્પે અમેરિકન સંસદ પાસેથી **5 બિલિયન ડોલર**ની માંગ કરી હતી.
- જોકે, સંસદે શ્રી ડોનાલ્ડ ટ્રમ્પને માત્ર **1.3 બિલિયન ડોલર**ના ફંડની જ મંજૂરી આપી હતી.
- આથી, મેક્સિકોની સરહદે દિવાલના નિર્માણ માટે સરકારી ખજાનામાંથી બાકીનું ભંડોળ મેળવવા માટે શ્રી ડોનાલ્ડ ટ્રમ્પે અમેરિકામાં રાષ્ટ્રીય કટોકટીની જાહેરાત કરી છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

- શ્રી ડોનાલ્ડ ટ્રમ્પના મતે ગેરકાયદે વસાહતીઓ તથા ગુનેગારોને અમેરિકામાં પ્રવેશતા રોકવા માટે તેમજ ડ્રગ્સની હેરાફેરી અટકાવવા માટે મેક્સિકો સરહદે દિવાલ બનાવવી જરૂરી છે.
- આથી, તેમણે અમેરિકામાં કટોકટીની જાહેરાત કરી છે.

### રાષ્ટ્રીય કટોકટી અધિનિયમ - 1976 (National Emergency Act - 1976)

અમેરિકામાં **14 સપ્ટેમ્બર, 1976**ના રોજ અમલમાં આવેલા '**રાષ્ટ્રીય કટોકટી અધિનિયમ - 1976** અંતર્ગત આ કટોકટી લાદવામાં આવી છે.

- આ અધિનિયમ અનુસાર અમેરિકામાં કોઈ મોટી આપત્તિ અથવા ભયનો સામનો કરવા માટે અમેરિકાના રાષ્ટ્રપતિ કટોકટીની જાહેરાત કરી શકે છે.
- કટોકટી દરમિયાન અમેરિકાના રાષ્ટ્રપતિ સંસદના દાયરામાં આવતી વિશિષ્ટ કાનૂની શક્તિઓનો ઉપયોગ કરી શકે છે.
- જોકે, રાષ્ટ્રપતિ જો કટોકટીની શક્તિઓનો દુરુપયોગ કરે તો **હાઉસ ઓફ રિપ્રેઝન્ટેટિવ્સ** દ્વારા **મહાભિયોગની પ્રક્રિયા** કરીને તેમને પદ પરથી હટાવી શકાય છે.
- અમેરિકામાં અત્યાર સુધીમાં **શ્રી રિચાર્ડ નિક્સન** અને **શ્રી બિલ ક્લિન્ટન** વિરુદ્ધ આવો પ્રસ્તાવ લાવવામાં આવ્યો હતો. પરંતુ તે પસાર થયો ન હતો.

### અમેરિકામાં કટોકટીની જાહેરાત

**અમેરિકા**માં અત્યાર સુધીમાં લગભગ **31 વખત રાષ્ટ્રીય કટોકટી**ની જાહેરાત કરવામાં આવી છે.

- આ અગાઉ વર્ષ **2009**માં **સ્વાઈન ફ્લુ**ના પ્રકોપ દરમિયાન **શ્રી બરાક ઓબામા**એ અમેરિકામાં રાષ્ટ્રીય કટોકટીની જાહેરાત કરી હતી.
- અમેરિકામાં **11 સપ્ટેમ્બર, 2001**ના રોજ **ન્યુયોર્ક**ના **વર્લ્ડ ટ્રેડ સેન્ટર** પર થયેલા આતંકી હુમલા બાદ અમેરિકાના રાષ્ટ્રપતિ **શ્રી જ્યોર્જ ડબલ્યુ બુશે** પણ રાષ્ટ્રીય કટોકટીની જાહેરાત કરી હતી.

## ➤ સુશ્રી હિના જયસ્વાલ ભારતીય વાયુસેનાના પ્રથમ મહિલા ફ્લાઈટ એન્જિનિયર બન્યા



**સુશ્રી હિના જયસ્વાલે** 15 ફેબ્રુઆરી, 2019ના રોજ ભારતમાં બેંગાલુરુ ખાતે આવેલા **Yelahanka Air Force સ્ટેશન**માં ફ્લાઈટ એન્જિનિયરિંગનો કોર્સ કર્યો છે.

- આ સાથે જ **સુશ્રી હિના જયસ્વાલ** ભારતીય વાયુસેનાના **પ્રથમ મહિલા ફ્લાઈટ એન્જિનિયર** બની ગયા છે.
- ચંદીગઢના સુશ્રી હિના જયસ્વાલે પંજાબ યુનિવર્સિટિમાંથી એન્જિનિયરિંગમાં ગ્રેજ્યુએશન કર્યું હતું.
- તેઓ, વાયુસેનાની એન્જિનિયરિંગ શાખામાં 5 જાન્યુઆરી, 2015ના રોજ એક સૈનિક તરીકે જોડાયા હતા.

## ➤ સુરતના ઉધના અને મહારાષ્ટ્રને જોડતી નવી ત્રણ ટ્રેનનું ઈ-લોકાર્પણ

તાજેતરમાં ભારતના વડાપ્રધાન **શ્રી નરેન્દ્રભાઈ મોદી**એ **મહારાષ્ટ્ર**ના **ધૂળે** ખાતે યોજાયેલા એક સમારોહમાં **સુરતના ઉધના અને મહારાષ્ટ્ર**ને જોડતી **નવી ત્રણ ટ્રેન**ને વીડિયો લિંકથી લીલી ઝંડી આપી પ્રસ્થાન કરાવ્યું છે.

- આ ઉપરાંત વડાપ્રધાન **શ્રી નરેન્દ્રભાઈ મોદી**એ **મહારાષ્ટ્ર**ના **ધૂળે** ખાતેથી સુરતના **ઉધના** અને મહારાષ્ટ્રના **ભૂસાવલ** વચ્ચેની રેલ લાઈનનું **ડબલીકરણ અને વીજળીકરણ પરિયોજનાનું** ઈ–લોકાર્પણ પણ કર્યું છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ➤ ‘શ્રમેવ જયતે’ યોજના અંતર્ગત રૂા. 17.60 લાખના એવોર્ડ એનાયત

17 ફેબ્રુઆરી, 2019ને **શ્રી વિશ્વકર્મા જયંતી**ના રોજ ગુજરાતના મુખ્યમંત્રી **શ્રી વિજયભાઈ રૂપાણી**એ **‘શ્રમેવ જયતે’ યોજના** અંતર્ગત શ્રમિક અથવા તો કામદારોને વિવિધ કેટેગરીમાં કુલ **17.60 લાખ રૂપિયા**ના એવોર્ડ એનાયત કર્યા છે.

- કામદારો તેમજ શ્રમિકોને પાંચ કેટેગરીમાં આ એવોર્ડ એનાયત થયો હતો.
- આ એવોર્ડ અને એ અંતર્ગત એનાયત થતી રકમ આ પ્રમાણે છે :

**શ્રમેવ જયતે યોજના અંતર્ગત એવોર્ડની રકમ**

| ક્રમ | એવોર્ડ | રકમ રૂપિયામાં |
|---|---|---|
| 1 | શ્રીરામ રત્ન | 25,000 |
| 2 | શ્રમ ભૂષણ | 15,000 |
| 3 | શ્રમવીર | 10,000 |
| 4 | શ્રમ શ્રી | 5,000 |
| 5 | શ્રમ દેવી | 5,000 |

### ICE Questions

1. તાજેતરમાં યુનિસેફ દ્વારા પ્રસિદ્ધ કરવામાં આવેલા ‘ફેક્ટશીટ ચાઈલ્ડ મેરેજ 2019’ રિપોર્ટ અનુસાર ભારતના કયા ત્રણ રાજ્યોમાં બાળલગ્નની કુપ્રથા આજે પણ પ્રચલિત છે ?
(A) રાજસ્થાન, બિહાર, પશ્ચિમ બંગાળ (B) રાજસ્થાન, બિહાર, ઉત્તરપ્રદેશ
(C) રાજસ્થાન, બિહાર, મધ્યપ્રદેશ (D) રાજસ્થાન, ઉત્તરપ્રદેશ, મધ્યપ્રદેશ — **(A)**

2. તાજેતરમાં પ્રસિદ્ધ થયેલા યુનિસેફના ‘ફેક્ટશીટ ચાઈલ્ડ મેરેજ 2019’ રિપોર્ટ અનુસાર છેલ્લા દાયકામાં વિશ્વમાં બાળલગ્નમાં કેટલા ટકાનો ઘટાડો થયો છે ?
(A) 10 ટકા (B) 15 ટકા (C) 18 ટકા (D) 25 ટકા — **(B)**

3. તાજેતરમાં 16 ફેબ્રુઆરી, 2019ના રોજ અમેરિકાના રાષ્ટ્રપતિ શ્રી ડોનાલ્ડ ટ્રમ્પે અમેરિકામાં રાષ્ટ્રીય કટોકટીની જાહેરાત કરી છે..... આ કટોકટીનું કારણ શું છે ?
(A) સમગ્ર વિશ્વમાંથી અમેરિકન સૈનિકો પાછા બોલાવવા માટે
(B) અમેરિકામાંથી ગન કલ્ચર નાબૂદ કરવા માટે
(C) અમેરિકાના આર્થિક હિતો માટે ટ્રેડ વોર વધારવા માટે
(D) મેક્સિકો સરહદે દિવાલ બનાવવા ભંડોળ મેળવવા માટે — **(D)**

4. તાજેતરમાં આમેરિકાના રાષ્ટ્રપતિ શ્રી ડોનાલ્ડ ટ્રમ્પે મેક્સિકો સરહદે દિવાલના નિર્માણ માટે અમેરિકન સંસદ પાસેથી કેટલા નાણાંની માંગ કરી હતી ?
(A) 3 બિલિયન ડોલર (B) 5 બિલિયન ડોલર (C) 7 બિલિયન ડોલર (D) 10 બિલિયન ડોલર — **(B)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ICE Questions

5. અમેરિકામાં કયા એકટ અંતર્ગત અમેરિકાના રાષ્ટ્રપતિ રાષ્ટ્રીય કટોકટીની જાહેરાત કરી શકે છે ?
   (A) રાષ્ટ્રીય કટોકટી અધિનિયમ – 1972 (B) રાષ્ટ્રીય કટોકટી અધિનિયમ – 1974
   (C) રાષ્ટ્રીય કટોકટી અધિનિયમ – 1976 (D) રાષ્ટ્રીય કટોકટી અધિનિયમ – 1982 **(C)**

6. ભારતીય વાયુસેના (Indian Air Force - IAF)ના પ્રથમ મહિલા ફ્લાઈટ એન્જિનિયરનું નામ શું છે ?
   (A) સુશ્રી પૂજા જયસ્વાલ (B) સુશ્રી પૂજા ગોસ્વામી
   (C) સુશ્રી હિના જયસ્વાલ (D) સુશ્રી હિના ગોસ્વામી **(C)**

7. તાજેતરમાં ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ સુરતના ઉધના અને મહારાષ્ટ્રને જોડતી ત્રણ નવી ટ્રેનનું વીડિયો લિંકથી લીલી ઝંડી બતાવીને કયાંથી ઈ–લોકાર્પણ કર્યું છે ?
   (A) મુંબઈ (B) સુરત (C) ભૂસાવલ (D) ધૂળે **(D)**

8. વર્ષ 2019માં કયા દિવસે 'શ્રી વિશ્વકર્મા જયંતી'ની ભારતમાં ઉજવણી કરવામાં આવી છે ?
   (A) 13 ફેબ્રુઆરી (B) 15 ફેબ્રુઆરી (C) 16 ફેબ્રુઆરી (D) 17 ફેબ્રુઆરી **(D)**

9. તાજેતરમાં 17 ફેબ્રુઆરી, 2019ને 'શ્રી વિશ્વકર્મા જયંતીના' રોજ ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ કઈ યોજના અંતર્ગત શ્રમિક અથવા તો કામદારોને વિવિધ કેટેગરીમાં રૂા. 17.60 લાખ રૂપિયાના એવોર્ડ એનાયત કર્યા હતા ?
   (A) મુખ્યમંત્રી શ્રમિક સન્માન યોજના (B) પ્રધાનમંત્રી શ્રમિક સન્માન યોજના
   (C) શ્રમેવ જયતે યોજના (D) સત્યમેવ જયતે શ્રમિક સન્માન યોજના **(C)**

10. ગુજરાતમાં 'શ્રી રામ રત્ન પુરસ્કાર' વિજેતા શ્રમિક અથવા તો કામદારને કેટલા રૂપિયાની રોકડ ધનરાશિ આપવામાં આવે છે ?
   (A) 20,000 (B) 25,000 (C) 30,000 (D) 50,000 **(B)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## 18 FEBRUARY, 2019 MONDAY

### ➤ Registration of Marriage of NRI Bill, 2019

ભારતના વિદેશમંત્રી <u>સુશ્રી સુષ્મા સ્વરાજે</u> તાજેતરમાં <u>'રજીસ્ટ્રેશન ઓફ મેરેજ ઓફ નોન-રેસિડન્ટ ઈન્ડિયન (NRI) બિલ, 2019'</u> <u>રાજ્યસભા</u>માં રજૂ કર્યું છે.

**આ બિલની મહત્વની જોગવાઈ**

આ બિલમાં કરવામાં આવેલી જોગવાઈ અનુસાર જો કોઈ અપ્રવાસી ભારતીય (NRI) કોઈ ભારતીય નાગરિક અથવા કોઈ અન્ય NRI સાથે ભારતમાં કે ભારત બહાર લગ્ન કરે તો તે <u>લગ્નનું 30 દિવસની અંદર રજીસ્ટ્રેશન</u> કરવું જરૂરી છે.

- આ નિયમનું પાલન ન થાય તો વ્યક્તિનો <u>પાસપોર્ટ</u> અથવા <u>યાત્રા દસ્તાવેજ</u> રદ કરી શકાશે.
- આ બિલ અંતર્ગત કાનૂની કાર્યવાહી માટે હાજર ન થનાર NRIની <u>સંપત્તી જપ્ત</u> કરવાની પણ અદાલતને સત્તા આપવામાં આવી છે.

ICE RAJKOTની નવી Authentic Telegram ચેનલ t.me/icerajkotofficial આજે જ JOIN કરો.

- આ બિલમાં કરવામાં આવેલી જોગવાઈ અનુસાર ન્યાયાલય વિદેશ મંત્રાલય દ્વારા તૈયાર કરાયેલી વિશેષ વેબસાઈટ દ્વારા આરોપી વ્યક્તિને સમન્સ જારી કરી શકશે.
- આ અધિનિયમ લાગુ કરવા માટે <u>'પાસપોર્ટ એક્ટ 1967'</u> અને <u>'ક્રિમિનલ પ્રોસિજર કોડ, 1973'</u> માં સુધારો કરવામાં આવશે.

## NRI (Non Residencial Indian) અપ્રવાસી ભારતીય એટલે શું?

NRI એ ભારતના નાગરિકો છે પણ આર્થિક ઉપાર્જન કે અન્ય કોઈપણ કારણોસર અન્ય દેશોમાં (વિદેશમાં) રહે છે. તેઓ સતત 180 દિવસ સુધી ભારત બહાર રહે છે. તેથી તેમને NRI કહે છે. તેમને ભારતમાં મત આપવાનો અધિકાર પ્રાપ્ત છે.

## આ બિલ શા માટે લાવવામાં આવ્યું છે ?

NRI વ્યક્તિઓ સાથે લગ્ન કરનાર મહિલાઓનું શોષણ ન થાય તે માટે આ કાયદો ઘડવામાં આવ્યો છે.

- ભારતીય મહિલાઓ દ્વારા કરવામાં આવેલી આ અંગેની અનેક ફરિયાદો બાદ આ નિર્ણય લેવામાં આવ્યો છે.
- NRI વ્યક્તિઓ સાથે લગ્ન બાદ પોતાનું શોષણ થયું હોવાની અનેક મહિલાઓએ ફરિયાદ નોંધાવી હતી.
- આથી, અપરાધી વિરુદ્ધ કાયદેસર કાર્યવાહી કરી શકાય તે માટે આ એક્ટ લાવવામાં આવ્યો છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®



## ➤ World Sustainable Development Summit 2019




તાજેતરમાં ભારતમાં નવી દિલ્હી ખાતે World Sustainable Development Summit 2019 (વિશ્વ સતત વિકાસ શિખર સમ્મેલન 2019)નું આયોજન થયું હતું.

- ભારતના ઉપરાષ્ટ્રપતિ શ્રી એમ. વેંકૈયા નાયડુએ આ સંમેલનનું ઉદ્‌ઘાટન કર્યું હતું.
- The Energy and Resources Institute (TERI) દ્વારા આ વાર્ષિક શિખર સંમેલનનું આયોજન કરવામાં આવ્યું હતું.
- વિશ્વ સતત વિકાસ શિખર સંમેલન એ વિકાસશીલ દેશોમાં વૈશ્વિક મુદ્દાઓ પર થતું એકમાત્ર શિખર સંમેલન છે.
- આ સંમેલનમાં પર્યાવરણ સંબંધિત વૈશ્વિક મહત્ત્વના વિવિધ મુદ્દાઓ પર ચર્ચા થાય છે.

## ➤ રાષ્ટ્રીય જળમાર્ગોના સુવ્યવસ્થિત ઉપયોગ માટે LADIS પોર્ટલ લોન્ચ

Inland Waterways Authority of India (IWAI) દ્વારા તાજેતરમાં LADIS નામનું એક પોર્ટલ લોન્ચ કરવામાં આવ્યું છે.

- LADISનું પૂરું નામ 'Least Available Depth Information System' છે.
- આ પોર્ટલનો મુખ્ય ઉદ્દેશ ભારતમાં રાષ્ટ્રીય જળમાર્ગોના સુવ્યવસ્થિત ઉપયોગને સુનિશ્ચિત કરવાનો છે.
- કોઈ પણ જહાજના સરળ અને ઝડપી પરિવહન માટે પર્યાપ્ત ઉંડાણ જરૂરી છે. આ પોર્ટલ જળમાર્ગોમાં પર્યાપ્ત ઉંડાણ માટે રિયલ – ટાઈમ ડેટા ઉપલબ્ધ કરાવશે.
- જેનાથી જળમાર્ગોમાં પરિવહનમાં સહાયતા મળશે.
- આ પોર્ટલ દ્વારા પ્રારંભમાં રાષ્ટ્રીય જળમાર્ગ – 1, રાષ્ટ્રીય જળમાર્ગ – 2, રાષ્ટ્રીય જળમાર્ગ – 3 અને ભારત – બાંગ્લાદેશ પ્રોટોકોલ રૂટ સંબંધિત ડેટા ઉપલબ્ધ કરાવવામાં આવશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## ➤ રાષ્ટ્રીય ન્યૂનતમ મજૂરી દર નક્કી કરવા માટે ડો. અનુપ સતપથી સમિતિનો રિપોર્ટ

ભારતમાં રાષ્ટ્રીય ન્યૂનતમ મજૂરી દર નક્કી કરવા માટે ડો. અનુપ સતપથીની અધ્યક્ષતામાં એક સમિતિની રચના કરવામાં આવી હતી.


- આ સમિતિએ તાજેતરમાં પોતાનો રિપોર્ટ રજૂ કર્યો છે.

**સમિતિની મુખ્ય ભલામણો**

- આ રિપોર્ટ તૈયાર કરવા માટે આ સમિતિએ Indian Council of Medical Researchની 2400 કેલરીની આવશ્યકતાને ધ્યાનમાં રાખી છે. જેમાં સંતુલિત આહાર માટે પ્રતિદિન 50 ગ્રામ પ્રોટીન અને 30 ગ્રામ ચરબીનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે.
- સમિતિએ ભોજન ઉપરાંત કપડા, ઈંધણ, વીજળી, રહેઠાણનું ભાડું, શિક્ષણ, સ્વાસ્થ્ય, પરિવહન વગેરે જેવી જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને રાષ્ટ્રીય ન્યૂનતમ મજૂરી દર 375 રૂા. પ્રતિદિન (9,750 રૂપિયા પ્રતિ માસ) નક્કી કરવાની ભલામણ કરી છે.

ICE RAJKOTની નવી Authentic Telegram ચેનલ t.me/icerajkotofficial આજે જ JOIN કરો.

- આ સમિતિએ વિવિધ – ભૌગોલિક ક્ષેત્રો માટે પાંચ કેટેગરીમાં અલગ – અલગ રાષ્ટ્રીય ન્યૂનતમ મજૂરી દર નિશ્ચિત કર્યો છે.
- આ અંતર્ગત વિવિધ ક્ષેત્રોમાં પ્રતિદિન રૂા. 342 થી 447 સુધી રાષ્ટ્રીય ન્યૂનતમ મજૂરી દર રાખવાની ભલામણ કરી છે.
- જેમાં ગુજરાતમાં પ્રતિદિન રૂા. 414 રાષ્ટ્રીય ન્યૂનતમ મજૂરી દર રાખવાની ભલામણ છે.

ICE Questions

1. NRI મેરેજ રજિસ્ટ્રેશન બિલ 2019ના સંદર્ભમાં નીચેનામાંથી કયું / કયા વિધાનો સાચાં છે ?
(1) સુશ્રી સુષ્મા સ્વરાજ દ્વારા આ બિલ લોકસભામાં રજૂ કરવામાં આવ્યું હતું.
(2) આ બિલ અંતર્ગત પ્રવાસી ભારતીય (NRI) માટે લગ્નના 30 દિવસની અંદર લગ્નની નોંધણી ફરજિયાત બનાવવામાં આવી છે.
(A) 1 અને 2 (B) ફક્ત 1 (C) ફક્ત 2 (D) બે માંથી કોઈ નહિ **(C)**

2. તાજેતરમાં 'વર્લ્ડ સસ્ટેઈનેબલ ડેવલપમેન્ટ સમિટ 2019' અથવા તો 'વિશ્વ સતત વિકાસ શિખર સમ્મેલન 2019' નું આયોજન કયાં થયું હતું ?
(A) ગાંધીનગર (B) મુંબઈ (C) બેંગાલુરુ (D) નવી દિલ્હી **(D)**

3. તાજેતરમાં નવી દિલ્હી ખાતે યોજાયેલ 'વર્લ્ડ સસ્ટેઈનેબલ ડેવલપમેન્ટ સમિટ 2019'નું ઉદ્‌ઘાટન કોણે કર્યું હતું ?
(A) શ્રી નરેન્દ્રભાઈ મોદી (B) શ્રી રામનાથ કોવિંદ
(C) શ્રી વેંકૈયા નાયડુ (D) સુશ્રી સુષ્મા સ્વરાજ **(C)**

4. ભારતમાં રાષ્ટ્રીય જળમાર્ગોના સુવ્યવસ્થિત ઉપયોગ માટે ઈનલેન્ડ વોટરવેઝ ઓથોરિટી ઓફ ઈન્ડિયા (IWAI) દ્વારા તાજેતરમાં કયું પોર્ટલ લોન્ચ કરવામાં આવ્યું છે ?
(A) LADIS (B) LADISH (C) ADIS (D) ADISH **(A)**

5. IWAI દ્વારા તાજેતરમાં લોન્ચ કરવામાં આવેલા LADIS પોર્ટલનું પૂરું નામ શું છે ?
(A) Latest Available Depth Information System
(B) Least Available Depth Information System
(C) Least Available Deep Information System
(D) Letest Available Deep Information System **(B)**

6. ભારતમાં રાષ્ટ્રીય ન્યૂનતમ મજૂરી દર નક્કી કરવા માટે કોની અધ્યક્ષતામાં રચાયેલી એક સમિતિએ તાજેતરમાં પોતાનો રિપોર્ટ રજૂ કર્યો છે ?
(A) સુશ્રી સરોજિની મહિષી (B) ડો. અનુપ ચક્રવર્તી
(C) ડો. અનુપ સત્યર્થી (D) ડો. અનુપ સતપથી **(D)**

7. ડો. અનુપ સતપથી સમિતિ દ્વારા ભારતમાં રાષ્ટ્રીય ન્યૂનતમ મજૂરી દર પ્રતિદિન કેટલા રૂપિયા રાખવાની ભલામણ કરવામાં આવી છે ?
(A) 250 (B) 350 (C) 375 (D) 475 **(C)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

**19 FEBRUARY, 2019 TUESDAY**

## ➤ ટ્રાન્સજેન્ડર સમુદાયના કલ્યાણ માટે ગુજરાતમાં 'ટ્રાન્સજેન્ડર કલ્યાણ બોર્ડ'ની રચના

**ટ્રાન્સજેન્ડર સમુદાય**ના કલ્યાણ માટે **ગુજરાત**માં ગુજરાત સરકારના **સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ** દ્વારા તાજેતરમાં **'ટ્રાન્સજેન્ડર કલ્યાણ બોર્ડ'**ની રચના કરવામાં આવી છે.

- ભારતમાં **એપ્રિલ 2014**માં સુપ્રીમ કોર્ટ દ્વારા **ટ્રાન્સજેન્ડર** વ્યક્તિઓને **ત્રીજા વર્ગ**માં ઓળખ આપવામાં આવી હતી. અને ત્યારબાદ તેમના કલ્યાણ માટે રાજ્ય સરકારને એક બોર્ડ રચવા માટે સૂચના આપવામાં આવી હતી.
- આ અંતર્ગત ગુજરાતમાં ટ્રાન્સજેન્ડર વ્યક્તિઓ માટે આરોગ્ય, શિક્ષણ, રોજગાર અને સુરક્ષા સહિતના વિવિધ વિષયોમાં યોજનાઓના ઘડતર અને તેના સુચારૂ સંચાલન માટે આ 'ટ્રાન્સજેન્ડર કલ્યાણ બોર્ડ'ની રચના કરવામાં આવી છે.

### ટ્રાન્સજેન્ડર કલ્યાણ બોર્ડના સભ્યો

ગુજરાત સરકારના **સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના મંત્રી શ્રી** આ બોર્ડના **અધ્યક્ષ** રહેશે.

- અધ્યક્ષ ઉપરાંત આ બોર્ડમાં **અન્ય 16 સભ્યશ્રીઓની** નિમણૂક કરવામાં આવશે.
- આ બોર્ડમાં ટ્રાન્સજેન્ડર મહિલા પ્રતિનિધિઓ, ટ્રાન્સજેન્ડર પુરુષ પ્રતિનિધિઓ અને ત્રીજા લિંગ/કિન્નર સમુદાયના બે પ્રતિનિધિઓ તથા આ ક્ષેત્રમાં અનુભવ ધરાવતા NGOના બે પ્રતિનિધિઓની બિન સરકારી સભ્યો તરીકે નિમણૂક કરવામાં આવશે.

**નોંધ :** (1) આ બોર્ડની બેઠક **દર છ મહિને** મળશે.
(2) ટ્રાન્સજેન્ડર કલ્યાણ બોર્ડની રચનાથી આ સમુદાયના વિકાસ, રોજગારી અને આરોગ્ય વિષયક પ્રશ્નો સરળતાથી નિવારી શકાશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## ➤ 83rd Senior National Badminton Championship 2019



તાજેતરમાં ભારતમાં **આસામ**ના **ગુવાહાટી** ખાતે **83મી સીનિયર નેશનલ બેડમિન્ટન ચેમ્પિયનશિપ 2019**નું આયોજન થયું હતું.

- જેમાં **સુશ્રી પી.વી.સિંધુ**ને પરાજય આપીને **સુશ્રી સાઈના નહેવાલે** આ ચેમ્પિયનશિપનું **વિમેન્સ સિંગલ્સ**નું ટાઈટલ જીતી લીધું છે.
- જ્યારે **શ્રી સૌરભ વર્મા**એ **શ્રી લક્ષ્ય સેન**ને પરાજય આપીને આ ચેમ્પિયનશિપનું **મેન્સ સિંગલ્સ**નું ટાઈટલ જીતી લીધું છે.

### પ્રસિદ્ધ બેડમિન્ટન ખેલાડીઓ અને તેમનું જન્મ સ્થળ

| ક્રમ | ખેલાડી | જન્મ સ્થળ | રાજ્ય |
|---|---|---|---|
| 1. | સુશ્રી સાઈના નહેવાલ | હિસ્સાર | હરિયાણા |
| 2. | સુશ્રી પી.વી. સિંધુ | હૈદરાબાદ | તેલંગણા |
| 3. | શ્રી સૌરભ વર્મા | ધાર | મધ્યપ્રદેશ |
| 4. | શ્રી લક્ષ્ય સેન | અલ્મોડા | ઉત્તરાખંડ |

ICE RAJKOTની નવી Authentic Telegram ચેનલ t.me/icerajkotofficial આજે જ JOIN કરો.

## ➤ વાયુ શક્તિ યુદ્ધ અભ્યાસ 2019



તાજેતરમાં ભારતમાં રાજસ્થાનના પોખરણમાં ભારત – પાકિસ્તાનની સરહદે ભારતીય વાયુસેના દ્વારા વાયુ શક્તિ યુદ્ધ અભ્યાસ 2019નું આયોજન થયું હતું.

- આ યુદ્ધ અભ્યાસમાં ભારતીય આર્મીના વડા શ્રી બિપિન રાવત, એરફોર્સના વડા શ્રી બી.એસ. ધનોઆ ઉપરાંત પ્રસિદ્ધ ક્રિકેટર શ્રી સચિન તેંડુલકર પણ ઉપસ્થિત રહ્યા હતા.
- આ યુદ્ધ અભ્યાસમાં ભારતના આશરે 140 જેટલા યુદ્ધ વિમાનો તથા હેલિકોપ્ટરોએ ભાગ લીધો હતો.
- જેમાં સુખોઈ 30, મિરાજ 2000, જગુઆર, મિગ–21, મિગ–27, મિગ–29, IL78 વગેરે યુદ્ધ વિમાનોનો સમાવેશ થાય છે.
- આ યુદ્ધ અભ્યાસમાં એડવાન્સ્ડ લાઈટ હેલિકોપ્ટર અને આકાશ મિસાઈલને પ્રથમ વખત સૈન્ય અભ્યાસમાં શામેલ કરવામાં આવ્યા હતા.




## ➤ કેન્દ્ર સરકારે ઈલેક્ટ્રિક વાહનોના ચાર્જિંગ માટે માર્ગદર્શિકા જાહેર કરી

ભારતમાં વર્ષ <u>2030</u> સુધીમાં ભારતના કુલ વાહનોમાંથી <u>25%</u> વાહનો <u>ઈલેક્ટ્રિક</u> હશે એવો કેન્દ્ર સરકારનો અંદાજ છે.

- આથી, આ માટે જરૂરી સુવિધા ઉપલબ્ધ કરાવવા માટે કેન્દ્ર સરકારે તાજેતરમાં રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશો માટે એક માર્ગદર્શિકા જાહેર કરી છે.
- આ માર્ગદર્શિકા અનુસાર રોડ અથવા હાઈવે પર **<u>પ્રત્યેક 25 કિલોમીટર</u>**ના અંતરે **<u>એક સાર્વજનિક ચાર્જિંગ સ્ટેશન</u>** હોવું જોઈએ.
- **<u>લાંબા અંતરના અથવા તો હેવી-ડ્યૂટી ઈલેક્ટ્રિક વાહનો</u>** માટે **<u>પ્રત્યેક 100 કિલોમીટર</u>**ના અંતરે **<u>એક ચાર્જિંગ સ્ટેશન</u>** હોવું જોઈએ.
- આ ઉપરાંત રહેણાંક વિસ્તારોમાં પણ ચાર્જિંગ સ્ટેશનની વ્યવસ્થા હોવી જોઈએ.

## ➤ ભારતના પ્રસિદ્ધ ફૂટબોલ ખેલાડી શ્રી સુનિલ છેત્રીને 'પ્રથમ ફૂટબોલ રત્ન' પુરસ્કાર એનાયત



ભારતના પ્રસિદ્ધ ફૂટબોલ ખેલાડી **<u>શ્રી સુનિલ છેત્રી</u>**ને **<u>'ફૂટબોલ દિલ્હી'</u>** દ્વારા તાજેતરમાં **<u>'પ્રથમ ફૂટબોલ રત્ન'</u>** પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યા છે.

- ભારત તરફથી આંતરરાષ્ટ્રીય સ્તરે સૌથી વધુ ગોલ કરનાર ખેલાડીઓમાં શ્રી સુનિલ છેત્રીનો સમાવેશ થાય છે.
- ભારતીય ફૂટબોલ ટીમના કપ્તાન શ્રી સુનિલ છેત્રીને વર્ષ <u>2019</u>નો **<u>પદ્મ શ્રી</u>** પુરસ્કાર પણ એનાયત થયો છે.
- આ અગાઉ વર્ષ <u>2011</u>માં તેમને **<u>અર્જુન એવોર્ડ</u>**થી પણ સન્માનિત કરવામાં આવ્યા હતા.

**નોંધ :** નેપાળી મૂળના શ્રી સુનિલ છેત્રીનો જન્મ વર્તમાન <u>તેલંગણા</u>ના <u>સિકંદરાબાદ</u>માં થયો હતો.

### ICE ? Questions

**1.** ટ્રાન્સજેન્ડર સમુદાયના કલ્યાણ માટે ગુજરાત સરકાર દ્વારા તાજેતરમાં શેની રચના કરવામાં આવી છે ?

(A) ટ્રાન્સજેન્ડર વિકાસ નિગમ (B) ટ્રાન્સજેન્ડર કલ્યાણ પંચ

(C) ટ્રાન્સજેન્ડર કલ્યાણ બોર્ડ (D) ટ્રાન્સજેન્ડર કલ્યાણ વિભાગ **(C)**

**2.** ગુજરાત સરકારના કયા મંત્રાલય અંતર્ગત તાજેતરમાં ગુજરાતમાં 'ટ્રાન્સજેન્ડર કલ્યાણ બોર્ડ'ની રચના કરવામાં આવી છે ?

(A) ગૃહ, રાજ્ય અને આદિજાતિ બાબતો (B) સામાજિક કલ્યાણ વિભાગ

(C) સામાજિક સમરસતા અને આદિજાતિ બાબતો (D) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ **(D)**

**3.** ગુજરાત સરકાર દ્વારા તાજેતરમાં રચાયેલા 'ટ્રાન્સજેન્ડર કલ્યાણ બોર્ડ'ના સંદર્ભમાં નીચેનામાંથી કયું / કયા વિધાનો સાચાં છે ?

(1) આ બોર્ડમાં 1 અધ્યક્ષ અને અન્ય 16 સભ્યો હશે.

(2) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના કમિશનરશ્રી આ બોર્ડના અધ્યક્ષ હશે.

(3) આ બોર્ડની બેઠક દર 6 મહિને મળશે.

Ans. (A) 1, 2, 3 (B) 1, 2 (C) 1, 3 (D) 2, 3 **(C)**

ICE Questions

4. તાજેતરમાં ભારતમાં 83મી સીનિયર નેશનલ બેડમિન્ટન ચેમ્પિયનશિપ 2019માં વિમેન્સ સિંગલ્સ ટાઈટલ વિજેતા ખેલાડીનું નામ શું છે ?

(A) સુશ્રી પી.વી. સિંધુ (B) સુશ્રી સાઈના નહેવાલ
(C) સુશ્રી અશ્વિની પોનપ્પા (D) સુશ્રી જવાલા ગુટ્ટા

(B)

5. તાજેતરમાં ભારતમાં યોજાયેલી 83મી સીનિયર નેશનલ બેડમિન્ટન ચેમ્પિયનશિપ 2019માં મેન્સ સિંગલ્સ ટાઈટલ વિજેતા ખેલાડનું નામ શું છે ?

(A) શ્રી લક્ષ્ય સેન (B) શ્રી પુલેલા ગોપીચંદ (C) શ્રી ચેતન આનંદ (D) શ્રી સૌરભ વર્મા

(D)

6. શ્રી સૌરભ વર્મા ભારતના કયા રાજ્યના પ્રસિદ્ધ બેડમિન્ટન ખેલાડી છે ?

(A) હરિયાણા (B) તેલંગણા (C) મધ્યપ્રદેશ (D) ઉત્તરાખંડ

(C)

7. તાજેતરમાં ભારતમાં વાયુશક્તિ યુદ્ધ અભ્યાસ 2019નું આયોજન કયાં થયું હતું ?

(A) પોખરણ, રાજસ્થાન (B) બેંગાલુરૂ, કર્ણાટક
(C) વિશાખાપટ્ટનમ, કેરળ (D) અનંતનાગ, જમ્મુ કાશ્મીર

(A)

8. કેન્દ્ર સરકાર દ્વારા તાજેતરમાં ઈલેક્ટ્રિક વાહનો માટે જારી કરવામાં આવેલી માર્ગદર્શિકા અનુસાર ભારતમાં રોડ અથવા હાઈવે પર પ્રત્યેક કેટલા કિમીના અંતરે એક સાર્વજનિક ચાર્જિંગ સ્ટેશન હોવું જોઈએ ?

(A) 10 (B) 15 (C) 25 (D) 50

(C)

9. તાજેતરમાં કેન્દ્ર સરકાર દ્વારા જારી કરવામાં આવેલી માર્ગદર્શિકા અનુસાર ભારતમાં લાંબા અંતરના અથવા તો હેવી ડયુટી ઈલેક્ટ્રિક વાહનો માટે પ્રત્યેક કેટલા કિલોમીટરના અંતરે એક ચાર્જિંગ સ્ટેશન હોવું જોઈએ ?

(A) 80 (B) 100 (C) 150 (D) 200

(B)

10. તાજેતરમાં 'ફૂટબોલ દિલ્હી' દ્વારા ભારતના કયા પ્રસિદ્ધ ફૂટબોલ ખેલાડીને 'પ્રથમ ફૂટબોલ રત્ન' પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યા છે ?

(A) શ્રી સુનિલ છેત્રી (B) શ્રી અનિરુદ્ધ થાપા
(C) શ્રી સુબ્રતા પાલ (D) શ્રી ગુરપ્રીત સિંઘ સંધુ

(A)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**20 FEBRUARY, 2019 WEDNESDAY**

## ➤ દિવસ મહિમા : 20 ફેબ્રુઆરી, વિશ્વ સામાજિક ન્યાય દિન (World Day of Social Justice)
## નેશનલ સિંગલ ઈમરજન્સી હેલ્પલાઈન નંબર 112




તાજેતરમાં ભારતના ગૃહમંત્રી **શ્રી રાજનાથ સિંહે નવી દિલ્હી** ખાતેથી ભારતના **16 રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશો**માં નેશનલ સિંગલ **ઈમરજન્સી હેલ્પલાઈન નંબર 112**નો શુભારંભ કરાવ્યો છે.

- ભારતમાં આપાતકાલીન સેવામાં હવે ફક્ત એક જ કોમન હેલ્પલાઈન નંબર 112 ડાયલ કરવાનો રહેશે.
- આ અગાઉ ભારતમાં સૌપ્રથમ નવેમ્બર 2018ના રોજ **હિમાચલ પ્રદેશ**ના **મંડી** નામના શહેરમાંથી આ સેવાનો પ્રારંભ કરવામાં આવ્યો હતો.

### Emergency Response Support System (ERSS)

ભારતમાં **Emergency Response Support System** (ERSS) અંતર્ગત આ સેવા શરૂ કરવામાં આવી છે.

- ભારતમાં વિવિધ આપાતકાલીન સેવાઓ માટે અત્યાર સુધી અલગ – અલગ નંબર ડાયલ કરવા પડતા હતા.
- હવે ERSS અંતર્ગત ભારતમાં કોઈપણ પ્રકારની આપાતકાલીન સહાયતા માટે ફકત એક જ હેલ્પલાઈન નંબર 112 ડાયલ કરવાનો રહેશે.
- ભારતમાં હેલ્પલાઈન નંબર 112 દ્વારા નીચેના નંબરો પરથી ઉપલબ્ધ થતી તમામ સેવાઓ મળશે :

**ભારતમાં કાર્યરત ઈમર્જન્સી હેલ્પલાઈન નંબર**

| ક્રમ | સેવા | નંબર | મંત્રાલય / વિભાગ |
|---|---|---|---|
| 1. | પોલીસ | 100 | ગૃહ વિભાગ |
| 2. | ફાયર | 101 | ગૃહ વિભાગ |
| 3. | આરોગ્ય | 108 | આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ |
| 4. | અભયમ્ | 181 | મહિલા અને બાળવિકાસ વિભાગ |
| 5. | ડિઝાસ્ટર મેનેજમેન્ટ | 1070, 1077 | મહેસૂલ વિભાગ |
| 6. | પશુ હેલ્પલાઈન | 1962 | – |

### ERSS - 112 ભારત સરકારના કયા મંત્રાલય અંતર્ગત કાર્ય કરે છે?

ઈમર્જન્સી રિસ્પોન્સ સપોર્ટ સિસ્ટમ (ERSS) એ ભારત સરકારના **ગૃહ વિભાગ** અંતર્ગત કાર્ય કરે છે.

- **અમેરિકા**ના હેલ્પલાઈન નંબર **911**ને આધારે ભારતમાં આ સિંગલ ઈમર્જન્સી હેલ્પલાઈન નંબર **112** શરૂ કરવામાં આવ્યો છે.

## ERSS સિસ્ટમનો ઉપયોગ કઈ રીતે કરી શકાય?

(1) 112 નંબર પર ફોન કરીને
(2) સ્માર્ટફોનના પાવર બટનને સતત ત્રણ વખત દબાવવાથી ERSSને પેનિક કોલ લાગી જશે.
(3) સામાન્ય ફોનના 5 અથવા 9 નંબરને લાંબા સમય સુધી દબાવવાથી ERSSને પેનિક કોલ લાગી જશે.
(4) ગૂગલ પ્લે સ્ટોર તથા એપ્પલ સ્ટોર પર ઉપલબ્ધ મોબાઈલ એપના માધ્યમથી
(5) વિવિધ રાજ્યોની ERSS વેબસાઈટના માધ્યમથી

## સિંગલ ઈમર્જન્સી હેલ્પલાઈન નંબર 112નો ગુજરાતમાં પ્રારંભ

ગુજરાતના મુખ્યમંત્રી **શ્રી વિજયભાઈ રૂપાણી**એ ગુજરાતમાં **ગાંધીનગર**ના **વિધાનસભા - હેલિપેડ ગ્રાઉન્ડ** ખાતેથી **સિંગલ ઈમર્જન્સી હેલ્પલાઈન નંબર 112**નો રાજ્ય પ્રારંભ કરાવ્યો છે.

- આ અંતર્ગત ગુજરાતમાં પ્રારંભિક તબક્કામાં ગુજરાતમાં **નવા રચાયેલા 7 જિલ્લાઓ**માં આ 112 હેલ્પલાઈન સેવાને કાર્યરત કરવામાં આવી છે.
- આ 7 જિલ્લાઓમાં **ગીર સોમનાથ, દેવભૂમિ દ્વારકા, મોરબી, બોટાદ, છોટા ઉદેપુર, અરવલ્લી** અને **મહિસાગર જિલ્લાઓ**નો સમાવેશ થાય છે.
- આ નવરચિત 7 જિલ્લાઓમાં ગુજરાતમાં **અમદાવાદ**ના **કઠવાડા** સ્થિત **GVK EMRI** દ્વારા હેલ્પલાઈન નંબર 112ની સેવા પૂરી પાડવામાં આવશે.
- ત્યારબાદ ટૂંક સમયમાં સમગ્ર ગુજરાતમાં આ સેવા કાર્યરત કરવામાં આવશે.

**નોંધ :** (1) ગુજરાતમાં હેલ્પલાઈન નંબર 112 અંગે લોકજાગૃતિ ન કેળવાય ત્યાં સુધી એટલે કે **12 મહિના સુધી** હેલ્પલાઈન નંબર 112 ઉપરાંત અન્ય હેલ્પલાઈન નંબરોની સેવા પણ ચાલુ રહેશે.

(2) ગુજરાતમાં **ઈમર્જન્સી રિસ્પોન્સ સપોર્ટ સિસ્ટમ (ERSS)** અથવા તો **નેશનલ ઈમર્જન્સી રિસ્પોન્સ સિસ્ટમ (NERS)** સ્થાપિત કરવા માટે ગુજરાત સરકારનો **ગૃહ વિભાગ** નોડલ એજન્સી તરીકે કાર્યરત છે.

(3) **Emergency Response Support System** (ERSS) ને **Nationwide Emergency Responce System** (NERS) અથવા તો **National Emergency Responce System** (NERS) તરીકે પણ ઓળખવામાં આવે છે.

(4) **GVK EMRI**નું પૂરું નામ **GVK Emergency Managemet and Resarch Institute** છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## ➤ બિહારમાં પટના મેટ્રો રેલ યોજનાનો શિલાન્યાસ




તાજેતરમાં ભારતના વડાપ્રધાન **શ્રી નરેન્દ્રભાઈ મોદી**એ **બિહાર**ના **પટના** ખાતે **મેટ્રો રેલ યોજના**નો શિલાન્યાસ કર્યો છે.

- પટના ખાતે મેટ્રો રેલ સેવા ઉપલબ્ધ કરાવવા માટે આશરે રૂા. 13,365 કરોડ રૂપિયાનો ખર્ચ થવાનો અંદાજ છે.

## પટના રિવરફ્રન્ટના પ્રથમ તબક્કાનું લોકાર્પણ

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ **બિહાર**ના **પટના** ખાતે **ગંગા નદી**ને કિનારે નિર્માણાધીન **રિવરફ્રન્ટ પ્રોજેક્ટ**ના **પ્રથમ તબક્કા**નું લોકાર્પણ કર્યું છે.

## ➤ Tagore Award 2014 -15-16

18 ફેબ્રુઆરી 2019ના રોજ ભારતના રાષ્ટ્રપતિ **શ્રી રામનાથ કોવિંદે** નવી દિલ્હીના **પ્રવાસી ભારતીય કેન્દ્ર** ખાતેથી **શ્રી રાજકુમાર સિંઘાજિત સિંઘ, છાયાનોત** અને **શ્રી રામ વી. સુતાર**ને ક્રમશઃ વર્ષ 2014, 2015 અને 2016નો **ટાગોર એવોર્ડ** એનાયત કર્યો છે.

**ટાગોર એવોર્ડ 2014-15-16**

| વર્ષ | વિજેતા | વિશેષતા |
|---|---|---|
| 2014 | શ્રી રાજકુમાર સિંઘાજિત સિંઘ | મણિપુરી નૃત્યના મહાન વિદ્વાન |
| 2015 | છાયાનોત | બાંગ્લાદેશનું એક સાંસ્કૃતિક સંગઠન |
| 2016 | શ્રી રામ વી. સુતાર | ભારતના સૌથી મહાન શિલ્પકારોમાંના એક |

**નોંધ :** મૂર્તિકાર શ્રી રામ વી. સુતારે મહાત્મા ગાંધીજી, શ્રી જવાહરલાલ નહેરુ અને શ્રી સરદાર વલ્લભભાઈ પટેલના વિશ્વ પ્રસિદ્ધ સ્ટેચ્યુનું નિર્માણ કર્યું છે.

**ટાગોર એવોર્ડ**

ભારતમાં **શ્રી રવિન્દ્રનાથ ટાગોર**ની યાદમાં **સાંસ્કૃતિક સદ્‌ભાવ (Cultural Harmony)** માટે આ એવોર્ડ એનાયત થાય છે.

- શ્રી રવિન્દ્રનાથ ટાગોરની **150મી જયંતી** નિમિત્તે વર્ષ **2012**થી આ એવોર્ડનો પ્રારંભ થયો છે.
- વર્ષ **2012**માં સૌપ્રથમ ભારતના પ્રસિદ્ધ સિતાર વાદક **પંડિત રવિ શંકર**ને આ એવોર્ડ એનાયત થયો હતો.
- ત્યારબાદ વર્ષ **2013**માં ભારતના પ્રસિદ્ધ સંગીતકાર **શ્રી ઝુબિન મહેતા**ને આ પુરસ્કાર એનાયત થયો હતો.
- આ પુરસ્કાર અંતર્ગત વિજેતાને રૂપિયા **1 કરોડ રોકડા, એક પ્રશસ્તિ પત્ર, ધાતુની મૂર્તિ** અને **એક ઉત્તમ હસ્તકલાની વસ્તુ** આપીને સન્માનિત કરવામાં આવે છે.
- ભારતના **વડાપ્રધાનશ્રી**ની અધ્યક્ષતા વાળા નિર્ણાયક મંડળ દ્વારા આ પુરસ્કાર વિજેતાની પસંદગી કરવામાં આવે છે.
- સાંસ્કૃતિક સદ્‌ભાવના મૂલ્યોની વૃદ્ધિ માટે અસાધારણ યોગદાન આપનાર કોઈ **વ્યક્તિ, સંઘ, સંસ્થા** કે **સંગઠન**ને આ **વાર્ષિક પુરસ્કાર** એનાયત થાય છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS



ICE RAJKOTની નવી Authentic Telegram ચેનલ t.me/icerajkotofficial આજે જ JOIN કરો.

## ➤ હુમલાના 100 કલાકમાં જ પુલવામા હુમલાનો માસ્ટરમાઈન્ડ ગાઝી ઠાર

કાશ્મીરના પુલવામામાં 14 ફેબ્રુઆરી 2019ના રોજ CRPFના કાફલા પર હુમલાનું કાવતરું ઘડનાર **જૈશ એ મોહમ્મદ**ના આતંકવાદી **કામરાન રાશિદ ઉર્ફે ગાઝી**ને ભારતીય સેનાએ ઠાર માર્યો છે.

- કામરાન જૈશ એ મોહમ્મદનો ટોચનો આતંકી હતો. પુલવામામાં CRPFના કાફલા પર આત્મઘાતી હુમલો કરવા તેણે જ **આદિલ ડાર**ને તાલીમ આપી હતી.
- 2008થી 2011 સુધી કામરાન **અફઘાનિસ્તાન**માં 28 દેશની સંયુક્ત નાટો સેના સામે લડતો હતો. ત્યારે **28 દેશની સંયુક્ત સેના પણ તેને મારી શકી ન હતી.**

### ઓપરેશન 25

ભારતીય સેનાએ '**ઓપરેશન 25**' અંતર્ગત કામરાન ઉર્ફે ગાઝી અને તેના બે અન્ય સાથીદારોને પુલવામા હુમલાના સ્થળથી 10 કિમીના અંતરે આવેલા **પિંગલેના ગામ**ના એક ઘરમાં ઠાર માર્યા હતા.

- પુલવામા હુમલા બાદ ભારતીય સેનાએ ખૂબ જ ઝડપથી એ વિસ્તારની ઘેરાવબંધી કરી દીધી હતી.
- આથી હુમલામાં શામેલ આતંકવાદીઓ 25 કિલોમીટરથી વધુ આગળ નીકળી શક્યા નહિ હોય. એવું માનીને ભારતીય સેના દ્વારા આ 'ઓપરેશન 25' શરૂ કરવામાં આવ્યું હતું.




## ➤ ડીઝલ એન્જિનમાંથી પરિવર્તિત કરાયેલા વિશ્વના પ્રથમ ઈલેક્ટ્રિક એન્જિનનું લોકાર્પણ

19 ફેબ્રુઆરી 2019ના રોજ ભારતના વડાપ્રધાન **શ્રી નરેન્દ્રભાઈ મોદીએ** **ડીઝલ એન્જિનમાંથી** પરિવર્તિત કરીને બનાવવામાં આવેલા **વિશ્વના પ્રથમ ઈલેક્ટ્રિક એન્જિનનું** લોકાર્પણ કર્યું છે.

- ભારતમાં **ઉત્તરપ્રદેશના** **વારાણસી** ખાતે આવેલા **ડીઝલ રેલવે એન્જિન કારખાનામાં** આ લોકાર્પણ થયું હતું.

### નવા ઈલેક્ટ્રિક એન્જિનની વિશેષતા

'મેક ઈન ઈન્ડિયા પ્રોજેક્ટ' અંતર્ગત ડીઝલ એન્જિનમાંથી વિશ્વમાં સૌપ્રથમ વખત ઈલેક્ટ્રિક એન્જિનમાં પરિવર્તિત કરવામાં આવેલું આ ઉચ્ચ હોર્સ પાવરનું ટ્વિન રેલવે એન્જિન છે.

- **માત્ર 69 દિવસમાં જ** તેને ડીઝલ એન્જિનમાંથી ઈલેક્ટ્રિક એન્જિનમાં પરિવર્તિત કરવામાં આવ્યું છે.
- આ પરિવર્તનથી રેલવે એન્જિનની શક્તિમાં **92 ટકાનો** વધારો થયો છે.
- આ એન્જિન ખૂબ જ વજન ધરાવતી માલગાડીને પણ સરળતાથી ખેંચી શકે છે.
- આ પરિવર્તનથી ભારતમાં એન્જિનના ખર્ચમાં દર વર્ષે આશરે **1.9 કરોડ રૂપિયા પ્રતિ એન્જિન** બચત થશે.
- આ એન્જિન સંપૂર્ણ રીતે પર્યાવરણને અનુકૂળ હોવાથી પ્રદૂષણમાં ઘટાડો થશે.

### ICE ? Questions

1. 'વિશ્વ સામાજિક ન્યાય દિવસ' તરીકે કયા દિવસની ઉજવણી કરવામાં આવે છે ?
(A) 17 ફેબ્રુઆરી (B) 18 ફેબ્રુઆરી (C) 19 ફેબ્રુઆરી (D) 20 ફેબ્રુઆરી — **(D)**

2. તાજેતરમાં નવી દિલ્હી ખાતેથી કોના દ્વારા ભારતના 16 રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં સિંગલ નેશનલ ઈમર્જન્સી નંબર 112નો શુભારંભ કરવામાં આવ્યો છે ?
(A) શ્રી નરેન્દ્રભાઈ મોદી (B) શ્રી વેંકૈયા નાયડુ (C) શ્રી નીતિન ગડકરી (D) શ્રી રાજનાથ સિંહ — **(D)**

3. ભારતના કયા રાજ્યમાં સૌપ્રથમ સિંગલ નેશનલ ઈમર્જન્સી નંબર 112નો શ્રી રાજનાથ સિંહે નવેમ્બર 2018માં પ્રારંભ કરાવ્યો હતો ?
(A) ઉત્તરપ્રદેશ (B) હરિયાણા (C) હિમાચલ પ્રદેશ (D) બિહાર — **(C)**

4. ભારતમાં કઈ સિસ્ટમ અંતર્ગત હેલ્પલાઈન નંબર 112ની સેવા શરૂ કરવામાં આવી છે ?
(A) Emergency Response Support System (B) Emergency Response System
(C) Emergency Support System (D) National Support System — **(A)**

5. ભારત સરકારના કયા મંત્રાલય અંતર્ગત ભારતમાં હેલ્પલાઈન નંબર 112ની સેવા શરૂ કરવામાં આવી છે ?
(A) મહેસૂલ વિભાગ (B) ગૃહ વિભાગ (C) સંરક્ષણ વિભાગ (D) દૂરસંચાર વિભાગ — **(B)**

6. તાજેતરમાં ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ ગુજરાતમાં કયાંથી હેલ્પલાઈન નંબર 112નો શુભારંભ કર્યો છે ?
(A) અમદાવાદ (B) ગાંધીનગર (C) રાજકોટ (D) સુરત — **(B)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

7. ગુજરાતમાં પ્રારંભિક તબક્કામાં ગુજરાતના કેટલા જિલ્લાઓમાં હેલ્પલાઈન નંબર 112નો શુભારંભ થયો છે ?
(A) 5 (B) 7
(C) 12 (D) તમામ જિલ્લાઓમાં
(B)

8. ગુજરાતમાં પ્રારંભિક તબક્કામાં કોના દ્વારા ગુજરાતના નવરચિત સાત જિલ્લાઓમાં હેલ્પલાઈન નંબર 112ની સેવા પૂરી પાડવામાં આવશે ?
(A) BSNL (B) Vodafone (C) GVK India (D) GVK EMRI
(D)

9. હેલ્પલાઈન નંબર 112ના સંદર્ભમાં નીચેનામાંથી કયું / કયા વિધાનો સાચાં છે ?
(1) ગુજરાતમાં આ સેવા માટે ગુજરાત સરકારનો ગૃહ વિભાગ નોડલ એજન્સી તરીકે કાર્યરત છે.
(2) ગુજરાતમાં આ નંબરની સાથે અન્ય હેલ્પલાઈન નંબરો પણ 12 મહિના સુધી કાર્યરત રહેશે.
(A) 1 અને 2 (B) ફક્ત 1 (C) ફક્ત 2 (D) બે માંથી કોઈ નહિ
(A)

10. તાજેતરમાં ભારતના રાષ્ટ્રપતિ શ્રી રામનાથ કોવિંદ દ્વારા એનાયત થયેલા ટાગોર એવોર્ડના સંદર્ભમાં સાચાં - જોડકા જોડો.

| વર્ષ | વિજેતા |
|---|---|
| અ. 2014 | 1. શ્રી રામ વી. સુતાર |
| બ. 2015 | 2. શ્રી રાજકુમાર સિંઘાજિત સિંઘ |
| ક. 2016 | 3. છાયાનોત |

Ans. (A) અ-1,બ-2,ક-3 (B) અ-2,બ-3,ક-1 (C) અ-3,બ-2,ક-1 (D) અ-2,બ-1,ક-3
(B)

11. ટાગોર એવોર્ડના સંદર્ભમાં નીચેનામાંથી કયું / કયા વિધાનો સાચાં છે ?
(1) સાંસ્કૃતિક સદ્ભાવ માટે કોઈ વ્યક્તિ, સંઘ, સંસ્થા કે સંગઠનને આ પુરસ્કાર એનાયત થાય છે.
(2) વર્ષ 2013માં સૌપ્રથમ પંડિત રવિ શંકરને આ પુરસ્કાર એનાયત થયો હતો.
(3) આ પુરસ્કાર વિજેતાને રૂપિયા 1 કરોડ રોકડા, પ્રશસ્તિ પત્ર, ધાતુની મૂર્તિ અને એક ઉત્તમ હસ્તકલાની વસ્તુ આપીને સન્માનિત કરવામાં આવે છે.
(A) 1, 2, 3 (B) 1, 3 (C) 2, 3 (D) 1, 2
(B)

12. તાજેતરમાં ફેબ્રુઆરી 2019 દરમિયાન ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ભારતના કયા શહેરની મેટ્રો રેલ યોજનાનો શિલાન્યાસ કર્યો છે ?
(A) જયપુર (B) વારાણસી (C) ઉદેપુર (D) પટના
(D)

13. તાજેતરમાં ભારતીય સેનાએ પુલવામા હુમલાના માસ્ટર માઈન્ડ કામરાન રાશિદ ઉર્ફે ગાઝીને જમ્મુ કાશ્મીરના કયા ગામમાં ઠાર માર્યો છે ?
(A) પુલવામા (B) નાદીયા (C) પિંગલેના (D) ફારુકાબાદ
(C)

14. તાજેતરમાં ભારતીય સેનાએ પુલવામા હુમલાના માસ્ટર માઈન્ડ કામરાન ઉર્ફે ગાઝીને કયા ઓપરેશન અંતર્ગત ઠાર માર્યો છે ?
(A) ઓપરેશન પુલવામા (B) ઓપરેશન 24 (C) ઓપરેશન 25 (D) ઓપરેશન CRPF
(C)

15. તાજેતરમાં ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ડીઝલ એન્જિનમાંથી પરિવર્તિત કરાયેલા વિશ્વના પ્રથમ ઈલેક્ટ્રિક એન્જિનનું કયાંથી લોકાર્પણ કર્યું છે ?
(A) બેંગાલુરુ, કર્ણાટક (B) પટના, બિહાર
(C) પ્રયાગરાજ, ઉત્તરપ્રદેશ (D) વારાણસી, ઉત્તરપ્રદેશ
(D)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## 21 FEBRUARY, 2019 THURSDAY

## ➤ દિવસ મહિમા :- 21 ફેબ્રુઆરી, આંતરરાષ્ટ્રીય માતૃભાષા દિવસ

ભાષાકીય અને સાંસ્કૃતિક વિવિધતા અંગે જાગૃતિ લાવવા તથા બહુભાષાવાદને પ્રોત્સાહન આપવા માટે **21 ફેબ્રુઆરી**ના રોજ સમગ્ર વિશ્વમાં **'આંતરરાષ્ટ્રીય માતૃભાષા દિવસ'**ની ઉજવણી કરવામાં આવે છે.

- **17 નવેમ્બર, 1999**ના રોજ **યુનેસ્કો** દ્વારા **'આંતરરાષ્ટ્રીય માતૃભાષા દિવસ'**ની ઉજવણીની જાહેરાત કરવામાં આવી હતી.
- આ અંતર્ગત સૌપ્રથમ **21 ફેબ્રુઆરી, 2000**ના રોજ 'આંતરરાષ્ટ્રીય માતૃભાષા દિવસ'ની ઉજવણી કરવામાં આવી હતી.
- **બાંગ્લાદેશ**માં 1952માં થયેલી **બંગાળી ભાષા** ચળવળને માન્યતા આપવા માટે **21 ફેબ્રુઆરી**ના રોજ 'આંતરરાષ્ટ્રીય માતૃભાષા દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.
- વર્ષ **2019**ના 'આંતરરાષ્ટ્રીય માતૃભાષા દિવસ'ની ઉજવણીની થીમ **'Indigenous Languages Matter for Development, Peace Building and Reconciliation'** છે.

**નોંધ :** (1) **UNESCO**નું પૂરું નામ **'યુનાઈટેડ નેશન્સ એજ્યુકેશનલ, સાયન્ટિફિક એન્ડ કલ્ચરલ ઓર્ગેનાઈઝેશન'** છે.
(2) UNESCOનું વડું મથક **ફ્રાન્સ**ની રાજધાની **પેરીસ** ખાતે આવેલું છે.
(3) **યુનાઈટેડ નેશન્સ**ની સામાન્ય સભા દ્વારા વર્ષ 2008ને **'આંતરરાષ્ટ્રીય ભાષા વર્ષ'** તરીકે ઉજવવામાં આવ્યું હતું.
(4) જ્યારે **યુનાઈટેડ નેશન્સ** દ્વારા વર્ષ 2019ને **'International Year of Indigenous Languages'** તરીકે

## ➤ EPFO દ્વારા વ્યાજદરમાં 0.10 ટકાનો વધારો

કર્મચારીઓને પ્રોવિડંટ ફંડની ડિપોઝિટ પર આપવામાં આવતા વ્યાજના દરમાં EPFO દ્વારા **0.10 ટકા**નો **વધારો** કરવામાં આવ્યો છે.

- નાણાકીય વર્ષ **2017-18** દરમિયાન પ્રોવિડંટ ફંડની ડિપોઝિટ પર EPFO એ **8.55 ટકા** વ્યાજ આપ્યું હતું.
- આ વ્યાજમાં **0.10 ટકા**નો વધારો કરીને નાણાકીય વર્ષ **2018-19** માટે **8.65 ટકા** વ્યાજ આપવાની EPFO દ્વારા જાહેરાત કરવામાં આવી છે.

### EPFO

EPFOનું પૂરું નામ **'એમ્પ્લોઈઝ પ્રોવિડન્ટ ફંડ ઓર્ગેનાઈઝેશન'** છે.

- EPFOએ સંગઠિત ક્ષેત્ર સાથે જોડાયેલા કર્મચારીઓ માટે **પ્રોવિડન્ટ ફંડ**, **પેન્શન** અને **વીમા યોજનાઓ**ના સંચાલનમાં કેન્દ્ર સરકારને સહાય કરતી એક સંસ્થા છે.
- **'પ્રોવિડન્ટ ફંડ અને વિવિધ પ્રબંધકો અધિનિયમ, 1952'** અંતર્ગત **4 માર્ચ, 1952**ના રોજ તેની સ્થાપના કરવામાં આવી હતી.
- તેનું વડું મથક **નવી દિલ્હી** ખાતે આવેલું છે.
- આ સંસ્થા કેન્દ્ર સરકારના **શ્રમ અને રોજગાર મંત્રાલય** અંતર્ગત કાર્ય કરે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## ➤ કેન્દ્ર સરકારના કર્મચારીઓના મોંઘવારી ભથ્થામાં 3 ટકાનો વધારો

તાજેતરમાં **નવી દિલ્હી** ખાતે મળેલી કેન્દ્રીય કેબિનેટની બેઠકમાં **કેન્દ્ર સરકાર**ના કર્મચારીઓ અને પેન્શનરોના **મોંઘવારી ભથ્થા (Dearness Allowance - DA)**માં **3 ટકા**નો વધારો કરવામાં આવ્યો છે.

- આ સાથે જ કેન્દ્રીય કર્મચારીઓના મોંઘવારી ભથ્થાનો દર **9 ટકા**થી વધીને **12 ટકા** થઈ ગયો છે.
- સરકારના આ નિર્ણયનો અમલ **1 જાન્યુઆરી, 2019**થી થશે.
- સરકારના આ નિર્ણયથી ભારતના આશરે 1.1 કરોડ કર્મચારીઓ અને પેન્શનરોને લાભ થશે.
- આ નિર્ણયથી સરકારની તિજોરી ઉપર આશરે **9000 કરોડ રૂપિયા**નો બોજો પડશે.

## ➤ 114 આર્ટિલરી ગન ધનુષના નિર્માણને મંજૂરી

તાજેતરમાં ભારતમાં લાંબા અંતરની **114** આર્ટિલરી ગન **ધનુષ**ના નિર્માણ માટે ભારતીય સેના અને સંરક્ષણ મંત્રાલય દ્વારા **'ઓર્ડિનન્સ ફેક્ટરી બોર્ડ (OFB)'**ને મંજૂરી આપવામાં આવી છે.

- ભારતમાં ઓર્ડિનન્સ ફેક્ટરી બોર્ડ (OFB) અને ભારતીય સેનાના સંયુક્ત ઉપક્રમે આ ગનના માધ્યમથી **સૌપ્રથમ વખત સ્વદેશી આર્ટિલરી ગન**નું નિર્માણ થશે.
- **ધનુષ** એ ભારતની **સૌપ્રથમ સ્વદેશી** **155 × 45 કેલિબર આર્ટિલરી ગન** છે.
- ભારતમાં DRDO ઉપરાંત અન્ય કંપનીઓના સહયોગથી ભારતની સ્વદેશી બનાવટની આ પ્રથમ આર્ટિલરી ગન ધનુષ વિકસાવવામાં આવી છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## ➤ ભારત - સાઉદી અરેબિયા વચ્ચે પાંચ ક્ષેત્રોમાં કરાર



તાજેતરમાં **સાઉદી અરેબિયા**ના ક્રાઉન પ્રિન્સ **શ્રી મોહમ્મદ બિન સલમાન** બે દિવસ માટે ભારતની મુલાકાતે આવ્યા હતા.

- તેમની આ મુલાકાત દરમિયાન ભારત અને સાઉદી અરેબિયા વચ્ચે લગભગ **પાંચ ક્ષેત્રો**માં કરાર પર હસ્તાક્ષર થયા છે.
- જેમાં **ઊર્જા**, **પર્યટન**, **દ્વિપક્ષીય વેપાર**, **આવાસ** અને દશ્ય–શ્રાવ્ય કાર્યક્રમ માટે **પ્રસારણ સંબંધિત કરાર**નો સમાવેશ થાય છે.
- સાઉદી અરેબિયા ભારતનો **ચોથો સૌથી મોટો** વ્યાપારિક ભાગીદાર દેશ છે.
- વર્ષ **2017-18** દરમિયાન બંને દેશો વચ્ચે **રૂ. 1.95 લાખ કરોડ**નો વેપાર થયો હતો.
- સાઉદી અરેબિયાએ ભારતમાં આશરે **44 અબજ ડોલર**નું રોકાણ કર્યું છે, અને આગામી વર્ષમાં **100 અબજ ડોલર**નું રોકાણ કરશે.

**નોંધ :** (1) સાઉદી અરેબિયાના ક્રાઉન પ્રિન્સ **શ્રી મોહમ્મદ બિન સલમાનનું પૂરું નામ શ્રી મોહમ્મદ બિન સલમાન બિન અબ્દુલ - અજીજ અલ સઉદ** છે.

(2) સાઉદી અરેબિયાનું ઓફિશિયલ નામ **'Kingdom of Saudi Arabia'** છે.

(3) સાઉદી અરેબિયાનું પાટનગર **રિયાધ** છે.

(4) સાઉદી અરેબિયાની કરન્સી અથવા તો ચલણ **સાઉદી રિયાલ** છે.

## ICE Questions

1. 'આંતરરાષ્ટ્રીય માતૃભાષા દિન' તરીકે કયો દિવસ ઉજવાય છે ?
(A) 19 ફેબ્રુઆરી (B) 20 ફેબ્રુઆરી (C) 21 ફેબ્રુઆરી (D) 22 ફેબ્રુઆરી — (C)

2. તાજેતરમાં EPFO દ્વારા વર્ષ 2018-19 માટે કર્મચારીઓને પ્રોવિડંટ ફંડની ડિપોઝિટ પર કેટલા ટકા વ્યાજ આપવાની જાહેરાત કરવામાં આવી છે ?
(A) 8.35 ટકા (B) 8.45 ટકા (C) 8.55 ટકા (D) 8.65 ટકા — (D)

3. EPFOનું પૂરું નામ શું છે ?
(A) Employees Provident Fund Organization
(B) Employment Provident Fund Organization
(C) Employment Provided Fund Organization
(D) Employees Provided Fund Organization — (A)

4. તાજેતરમાં કેન્દ્ર સરકાર દ્વારા સરકારી કર્મચારીઓના મોંઘવારી ભથ્થામાં 1 જાન્યુઆરી, 2019થી કેટલા ટકાનો વધારો કરવામાં આવ્યો છે ?
(A) 1 ટકા (B) 2 ટકા (C) 3 ટકા (D) 4 ટકા — (C)

5. તાજેતરમાં 1 જાન્યુઆરી, 2019થી કેન્દ્ર સરકારના કર્મચારીઓના મોંઘવારી ભથ્થામાં 3 ટકાનો વધારો કરવામાં આવ્યો છે..... આ નવા વધારા બાદ કેન્દ્રીય કર્મચારીઓના મોંઘવારી ભથ્થાનો દર વધીને કેટલા ટકા થઈ ગયો છે ?
(A) 7 ટકા (B) 9 ટકા (C) 12 ટકા (D) 14 ટકા — (C)

6. ભારતમાં નિર્માણ પામેલી ભારતની સૌપ્રથમ સ્વદેશી આર્ટિલરી ગનનું નામ શું છે ?
(A) અગ્નિ (B) પ્રહાર (C) ત્રિશુલ (D) ધનુષ — (D)

7. તાજેતરમાં ભારતીય સેના અને સંરક્ષણ મંત્રાલય દ્વારા ઓર્ડિનન્સ ફેક્ટરી બોર્ડ (OFB)ને કેટલી આર્ટિલરી ગન ધનુષના નિર્માણ માટે મંજૂરી આપવામાં આવી છે ?
(A) 114 (B) 125 (C) 214 (D) 225 — (A)

8. તાજેતરમાં ભારતની મુલાકાતે આવેલ સાઉદી અરેબિયાના ક્રાઉન પ્રિન્સનું નામ શું છે ?
(A) શ્રી અબ્દુલ બિન સલમાન (B) શ્રી મોહમ્મદ બિન સલમાન
(C) શ્રી સલમાન બિન મોહમ્મદ (D) શ્રી સલમાન બિન અબ્દુલ — (B)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## 22 FEBRUARY, 2019 FRIDAY

## ➤ સરકાર જાહેર ક્ષેત્રની 12 બેંકોમાં રૂ. 48,239 કરોડની મૂડી ઠાલવશે

તાજેતરમાં ભારત સરકારના **નાણા મંત્રાલય** દ્વારા ચાલુ નાણાકીય વર્ષમાં **જાહેર ક્ષેત્રની 12 બેંકો**માં કુલ **રૂ. 48,239 કરોડ**ની મૂડી ઠાલવવાની જાહેરાત કરવામાં આવી છે.

- બેંકોની મૂડી જરૂરિયાતો અને નાણાકીય વિકાસને ધ્યાનમાં રાખીને નાણા મંત્રાલયે આ નિર્ણય કર્યો છે.
- પબ્લિક સેક્ટરની આ 12 બેંકોમાંથી **કોર્પોરેશન બેંક**ને સૌથી વધુ **9,086 કરોડ રૂ.** અને ત્યારબાદ બીજા ક્રમે **અલાહાબાદ બેંક**ને **6896 કરોડ રૂપિયા** આપવામાં આવશે.

## ➤ એશિયાનો સૌથી મોટો એર શો - 'એરો ઈન્ડિયા 2019'

20 થી 24 ફેબ્રુઆરી, 2019 દરમિયાન ભારતમાં **બેંગાલુરુ**ના **યેલાહંકા એરફોર્સ સ્ટેશન** ખાતે પાંચ દિવસીય **'એરો ઈન્ડિયા 2019'**નું આયોજન થયું છે.

- એરો ઈન્ડિયાનો આ **12મો દ્વિવાર્ષિક** એર શો હતો.
- ભારતના સંરક્ષણ મંત્રી **સુશ્રી નિર્મલા સીતારમને** આ 'એરો ઈન્ડિયા 2019'નું ઉદ્‌ઘાટન કર્યું હતું.

### એરો ઈન્ડિયા 2019ની વિશેષતા

એરો ઈન્ડિયા 2019 એ **એશિયાનો સૌથી મોટો એર શો** છે.

- જેમાં ભારતની 600 અને વિદેશની 200 કંપનીઓએ ભાગ લીધો હતો.
- સંરક્ષણ અને નાગરિક ઉડ્ડયન એમ બંને ક્ષેત્રો માટે ભારતમાં આ એર શોનું આયોજન સૌપ્રથમ વખત ભારત સરકારના **સંરક્ષણ અને નાગરિક ઉડ્ડયન મંત્રાલય**ના સંયુક્ત ઉપક્રમે થયું હતું.
- આ ક્ષેત્રમાં ભારતમાં આગામી એક વર્ષમાં **2.80 લાખ કરોડ રૂપિયા**નું રોકાણ થવાની શક્યતા છે.
- આ એર શોમાં તેજસ, સુખોઈ, હોકઆઈ, હેલિકોપ્ટર રુદ્ર, રાફેલ, જેગુઆર સહિત 61 વિમાનોએ ભાગ લીધો હતો.

**નોંધ :** (1) આ એર શોના આરંભ પૂર્વે રિહર્સલ દરમિયાન ભારતના હવાઈદળની **સૂર્યકિરણ** નામની એરોબેટિક્સ ટીમના બે વિમાનો આકાશમાં ટકરાતા વિંગ કમાન્ડર **શ્રી સાહિલ ગાંધી** શહીદ થયા હતા.

(2) ભારતમાં સંરક્ષણ ક્ષેત્રે રોકાણ માટે **100 ટકા FDI (Foreign Direct Investment)**ને મંજૂરી આપવામાં આવી છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ➤ ભારતના ભાગનું પાકિસ્તાન જતું પાણી રોકાશે




તાજેતરમાં કેન્દ્રીય મંત્રી **શ્રી નીતિન ગડકરી**એ કરેલી જાહેરાત અનુસાર ભારત સરકાર દ્વારા **રાવી, બિયાસ અને સતલુજ નદી**નું ભારતના ભાગનું પાણી પાકિસ્તાન સુધી જતું રોકવામાં આવશે.

- પુલવામા હુમલા બાદ પાકિસ્તાનને સબક શીખવાડવા માટે આ નિર્ણય કરવામાં આવ્યો છે.
- સિંધુ જળ સમજૂતી મુજબ આ પાણી રોકવામાં આવશે.

## સિંધુ જળ સમજૂતી શું છે ?

વિશ્વ બેંકની મધ્યસ્થતા બાદ ભારત અને પાકિસ્તાન વચ્ચે 19 સપ્ટેમ્બર, 1960ના રોજ સિંધુ જળ સમજૂતી થઈ હતી.

- ભારતના તત્કાલીન વડાપ્રધાન શ્રી જવાહરલાલ નહેરુ અને પાકિસ્તાનના રાષ્ટ્રપ્રમુખ શ્રી ઐયુબખાને આ સમજૂતી પર હસ્તાક્ષર કર્યા હતા.
- આ કરાર અંતર્ગત સિંધુ નદી તંત્ર ઘાટીને પૂર્વ અને પશ્ચિમ એમ બે ભાગોમાં વહેંચવામાં આવી હતી.
- આ કરાર મુજબ પૂર્વની ત્રણ નદીઓ રાવી, બિયાસ અને સતલુજ પર ભારતનો અધિકાર રહેશે.
- જ્યારે પશ્ચિમની ત્રણ નદીઓ સિંધુ, ઝેલમ અને ચિનાબ નદી ઉપર પાકિસ્તાનનો અધિકાર રહેશે.
- આ ઉપરાંત ભારતને વીજ ઉત્પાદન તથા કૃષિ કાર્યો માટે પશ્ચિમી નદીઓનું પાણી ઉપયોગમાં લેવાનો શરતી અધિકાર પણ આપવામાં આવ્યો હતો.
- આ મુદ્દે કોઈ વિવાદ થાય તો ત્રીજા કોઈ તટસ્થ પક્ષની મધ્યસ્થી દ્વારા કે પછી કોર્ટ ઓફ આર્બિટ્રેશનમાં જવાનું નક્કી કરવામાં આવ્યું છે.

**નોંધ :** ઉપરોક્ત છ નદીઓનો ઉત્તરથી દક્ષિણ તરફનો ક્રમ ક્રમશઃ સિંધુ, ઝેલમ, ચિનાબ, રાવી, બિયાસ અને સતલુજ છે.

## કાશ્મીરમાં વધુ અલગાવવાદીઓની સુરક્ષા હટાવાઈ

પુલવામા હુમલા બાદ ભારત સરકારે જમ્મુ કાશ્મીરમાં 6 અલગાવવાદી નેતાઓની સુરક્ષા પાછી ખેંચી લીધી હતી.

- આ સલામતી પાછી ખેંચ્યા બાદ હવે જમ્મુ કાશ્મીરના વધુ 18 અલગાવવાદી નેતાઓ અને અન્ય 160 નેતાઓની સલામતી વ્યવસ્થા પાછી ખેંચવામાં આવી છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## ➤ BCCIના પ્રથમ લોકાયુક્ત તરીકે જસ્ટિસ ડી.કે. જૈનની નિમણૂક

BCCIના પ્રથમ લોકાયુક્ત તરીકે સુપ્રીમ કોર્ટના નિવૃત્ત જજ શ્રી ડી.કે. જૈનની નિમણૂક કરવામાં આવી છે.

- જસ્ટિસ એસ.એ. બોબડે અને જસ્ટિસ અભય મનોહર સપ્રેની બેન્ચે આ નિર્ણય કર્યો છે.
- BCCIનું પૂરું નામ 'Board of Control for Cricket in India' છે.

## ICE ? Questions

1. તાજેતરમાં કેન્દ્ર સરકાર દ્વારા ચાલુ નાણાકીય વર્ષમાં ભારતની જાહેર ક્ષેત્રની કુલ કેટલી બેન્કોમાં રૂ. 48,239 કરોડ ઠાલવવાની જાહેરાત કરવામાં આવી છે ?
   (A) 10 (B) 12 (C) 14 (D) 16 — **(B)**

2. તાજેતરમાં કેન્દ્ર સરકારે ચાલુ નાણાકીય વર્ષમાં ભારતની જાહેર ક્ષેત્રની કુલ 12 બેન્કોમાં રૂ. 48,239 કરોડ ઠાલવવાનો નિર્ણય કર્યો છે.... આ 12 બેન્કોમાંથી સૌથી વધુ નાણા જાહેર ક્ષેત્રની કઈ બેન્કમાં ઠાલવવામાં આવશે ?
   (A) પંજાબ નેશનલ બેન્ક (B) બેન્ક ઓફ મહારાષ્ટ્ર (C) અલાહાબાદ બેન્ક (D) કોર્પોરેશન બેન્ક — **(D)**

3. 20થી 24 ફેબ્રુઆરી, 2019 દરમિયાન એશિયાના સૌથી મોટા એર શો 'એરો ઈન્ડિયા 2019'નું આયોજન ક્યાં થયું હતું ?
   (A) પોખરણ (B) શ્રી હરિકોટા (C) બેંગાલુરુ (D) ચેન્નાઈ — **(C)**

ICE Questions

4. 20થી 24 ફેબ્રુઆરી, 2019 દરમિયાન કર્ણાટકના બેંગાલુરુના કયા એર ફોર્સ સ્ટેશન પર 'એરો ઈન્ડિયા 2019'નું આયોજન થયું હતું ?
(A) હેલસંકા (B) યેલાહંકા (C) યેલસંકા (D) હેલહંકા **(B)**

5. 20થી 24 ફેબ્રુઆરી, 2019 દરમિયાન બેંગાલુરુના યેલાહંકા એર ફોર્સ સ્ટેશન ખાતે કેટલામા દ્વિવાર્ષિક 'એરો ઈન્ડિયા એર શો'નું આયોજન થયું હતું ?
(A) 10મા (B) 12મા (C) 13મા (D) 14મા **(B)**

6. 'એરો ઈન્ડિયા 2019'નું ઉદ્‌ઘાટન કોણે કર્યું હતું ?
(A) શ્રી નરેન્દ્રભાઈ મોદી (B) શ્રી રાજનાથ સિંહ
(C) સુશ્રી નિર્મલા સીતારમન (D) શ્રી નીતિન ગડકરી **(C)**

7. ભારત સરકારના કયા મંત્રાલય દ્વારા 'એરો ઈન્ડિયા 2019'નું આયોજન થયું હતું ?
(A) સંરક્ષણ મંત્રાલય (B) ગૃહ મંત્રાલય
(C) નાગરિક ઉડ્ડયન મંત્રાલય (D) A અને C બંને **(D)**

8. તાજેતરમાં ભારતના કેન્દ્રીય મંત્રી શ્રી નીતિન ગડકરીએ ત્રણ નદીનું ભારતના ભાગનું પાણી પાકિસ્તાનમાં જતું રોકવામાં આવશે એવી જાહેરાત કરી હતી..... આ ત્રણ નદીઓમાં નીચેનામાંથી કઈ નદીનો સમાવેશ થતો નથી ?
(A) સિંધુ (B) રાવી (C) બિયાસ (D) સતલુજ **(A)**

9. ભારત અને પાકિસ્તાન વચ્ચે સિંધુ જળ સમજૂતી ક્યારે થઈ હતી ?
(A) 19 સપ્ટેમ્બર, 1958 (B) 19 સપ્ટેમ્બર, 1960
(C) 19 સપ્ટેમ્બર, 1962 (D) 19 સપ્ટેમ્બર, 1963 **(B)**

10. BCCIના નવા પ્રથમ લોકાયુક્ત તરીકે તાજેતરમાં કોની નિમણૂક કરવામાં આવી છે ?
(A) શ્રી એસ. કે. જૈન (B) શ્રી ડી. કે. જૈન
(C) શ્રી એસ. એ. જૈન (D) શ્રી બી. ડી. જૈન **(B)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## 23 FEBRUARY, 2019 SATURDAY

### ➤ રાજકોટનો 'આઈ વે' પ્રોજેક્ટ સમગ્ર દેશમાં પ્રથમ

ગુજરાતના રાજકોટમાં રૂ. 69 કરોડના ખર્ચે સાકાર થયેલા **'આઈ વે પ્રોજેક્ટ'**ને **ડિજિટલ ઈન્ડિયા એવોર્ડ**માં **ઈમર્જિંગ ટેક્નોલોજી**ની કેટેગરીમાં સમગ્ર ભારતમાં **પ્રથમ** સ્થાન મળ્યું છે.

- આ એવોર્ડ માટે જુદી જુદી કેટેગરીમાં દેશભરમાંથી 600થી વધુ નોમિનેશન આવ્યા હતા જેમાં રાજકોટ મહાનગર પાલિકાના **'આઈ વે' CCTV કેમેરા પ્રોજેક્ટ**ને ઈમર્જિંગ ટેક્નોલોજીમાં પ્રથમ સ્થાન મળ્યું હતું.
- ભારત સરકારના મિનિસ્ટ્રી ઓફ ઈન્ફોર્મેશન એન્ડ ટેક્નોલોજી ડિપાર્ટમેન્ટ દ્વારા આ ડિજિટલ ઈન્ડિયા એવોર્ડ એનાયત થયા હતા.

## ➤ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીને સીઓલ શાંતિ પુરસ્કાર એનાયત



તાજેતરમાં ભારતના વડાપ્રધાન **શ્રી નરેન્દ્રભાઈ મોદી** બે દિવસ માટે **દક્ષિણ કોરિયા**ના પ્રવાસે ગયા હતા.

- તેમની આ યાત્રા દરમિયાન **શ્રી નરેન્દ્રભાઈ મોદી**ને **દક્ષિણ કોરિયા**ના પ્રતિષ્ઠિત **સીઓલ શાંતિ પુરસ્કાર**થી સન્માનિત કરવામાં આવ્યા છે.
- આ સાથે જ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી આ પુરસ્કાર મેળવનાર **પ્રથમ ભારતીય** બની ગયા છે.
- શ્રી નરેન્દ્રભાઈ મોદીને તેમની આર્થિક નીતિઓ અને આંતરરાષ્ટ્રીય સહયોગ માટે સીઓલ પીસ પ્રાઈઝ ફાઉન્ડેશન દ્વારા આ પુરસ્કાર એનાયત થયો હતો.
- વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આ પુરસ્કારની **રૂ. 1.42 કરોડ**ની રકમ **'નમામિ ગંગે પ્રોગ્રામ'** માટે આપવાની જાહેરાત કરી હતી.

### મહાત્મા ગાંધીજીની પ્રતિમાનું અનાવરણ

દક્ષિણ કોરિયાની આ મુલાકાત દરમિયાન વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ દક્ષિણ કોરિયાની રાજધાની **સીઓલ**ની **યોન્સેઈ યુનિવર્સિટી**માં **મહાત્મા ગાંધીજી**ની **પ્રતિમાનું** અનાવરણ કર્યું હતું.

## ➤ પાકિસ્તાન આતંકના ગ્રે લિસ્ટમાં જ રહેશે - FATF

ટેરર ફાઈનાન્સિંગ વોચડોગ સંસ્થા **FATF** દ્વારા તાજેતરમાં કરવામાં આવેલી જાહેરાત અનુસાર ઓક્ટોબર 2019 સુધી **પાકિસ્તાન**ને આ સંસ્થાના ગ્રે લિસ્ટમાં જ રાખવામાં આવશે.

- પુલવામામાં આતંકી હુમલા બાદ પાકિસ્તાન આ યાદીમાંથી બહાર ન થાય તે માટે ભારતે આંતરરાષ્ટ્રીય સ્તરે ઉગ્ર દબાણ સર્જ્યું હતું.
- FATFના આ નિર્ણયને કારણે આતંકવાદને સમર્થન અને આર્થિક સહાય નાબૂદ કરવા પાકિસ્તાન પર આંતરરાષ્ટ્રીય દબાણ જારી રહેશે.
- જો પાકિસ્તાન ઓક્ટોબર 2019 સુધીમાં FATF દ્વારા રજૂ કરાયેલી 27 માગ પૂરી નહીં કરે તો તેને બ્લેક લિસ્ટ કરી દેવાશે.

### FATF શું છે ?

FATF એ એક **ઈન્ટરગવર્નમેન્ટલ ઓર્ગેનાઈઝેશન** છે.

- **FATFનું** પૂરું નામ **'Financial Action Task Force'** છે.
- **કાળાનાણાને કાયદેસર બનતા રોકવા (મની લોન્ડરિંગ) રોકવા** માટે નીતિઓ ઘડવા **1989**માં તેની સ્થાપના થઈ હતી.
- ત્યારબાદ તેના કાર્યક્ષેત્રમાં વધારો કરીને **આતંકવાદ**ને નાણાકીય મદદ મળતી બંધ થાય તે માટે નીતિઓ બનાવવાની જવાબદારી પણ તેને સોંપવામાં આવી છે.
- તેનું સચિવાલય **OECD** (Organisation for Economic Co-operation and Development)ના વડામથકમાં **ફ્રાન્સના પેરિસ** ખાતે આવેલું છે.
- વર્ષ 2018માં ભારત, ચીન, અમેરિકા સહિત **38** દેશો તેના **સભ્યો** હતા.

## ➤ HAL દ્વારા ફ્રાન્સની સંરક્ષણ કંપની થેલ્સને 2.75 ઈંચના રોકેટ લોન્ચર માટે ઓર્ડર

ભારત સરકારની એરોસ્પેસ અને સંરક્ષણ કંપની **Hindustan Aeronautics Limited** એ ફ્રાન્સની સંરક્ષણ કંપની **થેલ્સ**ને **2.75 ઈંચ (70 mm)**ના **135 રોકેટ લોન્ચર** માટે ઓર્ડર આપ્યો છે.

- વજનમાં હલકા આ રોકેટ લોન્ચર યુદ્ધ હેલિકોપ્ટર માટે ખૂબ જ ઉપયોગી છે.
- સરહદના અંતરિયાળ વિસ્તારોમાં ભારતીય સૈન્ય માટે આ રોકેટ લોન્ચર ખૂબ જ ઉપયોગી થશે.
- અન્ય રોકેટ લોન્ચરથી વજનમાં 50 ટકા હલકા આ રોકેટ લોન્ચરમાં કાટ પણ લાગતો નથી.

## ICE ? Questions

1. તાજેતરમાં ભારતના કયા મહાનુભાવને સીઓલ શાંતિ પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યા છે ?
(A) શ્રી નરેન્દ્રભાઈ મોદી (B) સુશ્રી સુષ્મા સ્વરાજ (C) શ્રી અરૂણ જેટલી (D) શ્રી રાજનાથ સિંહ **(A)**

2. તાજેતરમાં ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા કયા દેશની યોન્સેઈ યુનિવર્સિટીમાં મહાત્મા ગાંધીજીની પ્રતિમાનું અનાવરણ કરવામાં આવ્યું છે ?
(A) ઉત્તર કોરિયા (B) દક્ષિણ કોરિયા (C) દક્ષિણ આફ્રિકા (D) ફ્રાન્સ **(B)**

3. તાજેતરમાં કયા ઈન્ટરગવર્નમેન્ટલ ઓર્ગેનાઈઝેશને ઓક્ટોબર 2019 સુધી પાકિસ્તાનને ગ્રે લિસ્ટમાં રાખવાની જાહેરાત કરી છે ?
(A) SAFT (B) FAFT (C) FATF (D) SATF **(C)**

4. FATFનું પૂરું નામ શું છે ?
(A) Financial Action Task Force (B) Financial Action Trade Force
(C) Financial Action Tool Force (D) Financial Action Task Form **(A)**

5. તાજેતરમાં ભારત સરકારની એરોસ્પેસ અને સંરક્ષણ કંપની હિન્દુસ્તાન એરોનોટિક્સ લિમિટેડ (HAL) દ્વારા ફ્રાન્સની કઈ કંપનીને 2.75 ઈંચ (70 mm)ના રોકેટ લોન્ચર માટે ઓર્ડર આપવામાં આવ્યો છે ?
(A) ડસોલ્ટ એવિએશન (B) MBDA (C) થેલ્સ (D) સેફ્રન **(C)**

6. તાજેતરમાં ભારતની HAL નામની કંપની એ ફ્રાન્સના થેલ્સ ગ્રુપને 2.75 ઈંચના કેટલા રોકેટ લોન્ચર માટે ઓર્ડર આપ્યો છે ?
(A) 130 (B) 135 (C) 230 (D) 235 **(B)**

7. તાજેતરમાં ગુજરાતના કયા શહેરના પ્રોજેક્ટને ડિજિટલ ઈન્ડિયા એવોર્ડમાં ઈમર્જિંગ ટેક્નોલોજીની કેટેગરીમાં પ્રથમ સ્થાન મળ્યું છે ?
(A) અમદાવાદ (B) ગાંધીનગર (C) જામનગર (D) રાજકોટ **(D)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

# ONE LINER
## CURRENT AFFAIRS

## ગુજરાત

### ➤ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં ગુજરાતના પ્રથમ મનોવિજ્ઞાન મેળાનું આયોજન

22 ફેબ્રુઆરી, 2019ના રોજ ગુજરાતમાં **સૌરાષ્ટ્ર યુનિવર્સિટી**ના **મનોવિજ્ઞાન ભવન** દ્વારા **ગુજરાતના પ્રથમ મનોવિજ્ઞાન મેળા**નું આયોજન કરવામાં આવ્યું હતું. આ મેળામાં વિદ્યાર્થીઓને મનોવિજ્ઞાન વિષયની વિવિધ વ્યવસાયિક તકો વિશે માહિતી આપવામાં આવી હતી.

## ભારત

### ➤ ભારતના વિદેશ મંત્રાલય દ્વારા નેપાળના સરકારી અધિકારીઓ માટે શૈક્ષણિક કોર્સનું આયોજન

ભારત સરકારના **વિદેશ મંત્રાલય** દ્વારા **નેપાળ**ના આશરે **62** જેટલા સરકારી અધિકારીઓને આર્થિક કામગીરી સંબંધિત શિક્ષણ આપવા માટે **નવી દિલ્હી** ખાતે એક કોર્સનું આયોજન કરવામાં આવ્યું છે. આ શૈક્ષણિક પ્રોગ્રામ **ભારતીય ટેક્નોલોજી અને આર્થિક સહયોગ કાર્યક્રમ**નો હિસ્સો છે. 15 સપ્ટેમ્બર, 1964ના રોજ શરૂ થયેલા આ કાર્યક્રમ અંતર્ગત અન્ય દેશોના વિવિધ અધિકારીઓને નાણાં કૌશલ્ય પ્રદાન કરવામાં આવે છે.

### ➤ હિમાચલ પ્રદેશમાં સંસ્કૃત બીજી સત્તાવાર ભાષા બનશે

તાજેતરમાં **હિમાચલ પ્રદેશ**ના મુખ્યમંત્રી **શ્રી જયરામ ઠાકુરે** વિધાનસભામાં **હિમાચલ પ્રદેશ રાજભાષા (સંશોધન) બિલ, 2019** રજૂ કર્યું છે. આ બિલ અંતર્ગત હિમાચલ પ્રદેશમાં **સંસ્કૃત** ભાષાને **હિન્દી** બાદ **હિમાચલ પદેશની બીજી સત્તાવાર ભાષા** બનાવવામાં આવશે. ભારતીય બંધારણના અનુચ્છેદ **354** અંતર્ગત **આઠમી અનુસૂચિ**માં સમાવિષ્ટ **22 ભાષાઓ**માંથી કોઈ પણ ભાષાને રાજ્ય પોતાની સત્તાવાર ભાષા જાહેર કરી શકે છે.

### ➤ ખાનગી ક્ષેત્રની નોકરીઓમાં કન્નડિગા લોકોને કર્ણાટકમાં પ્રાથમિકતા

કર્ણાટક સરકાર દ્વારા તાજેતરમાં **કર્ણાટક**માં **ખાનગી ક્ષેત્ર**ની **ગ્રૂપ C અને ગ્રૂપ D**ની શ્રેણીની નોકરીઓમાં **કન્નડ લોકો**ને પ્રાથમિકતા આપવાની જોગવાઈ કરવામાં આવી છે. કર્ણાટકમાં સુશ્રી **સરોજિની મહિષી સમિતિ**ની ભલામણને આધારે આ નિર્ણય લેવામાં આવ્યો છે. કન્નડ લોકોને **'કન્નડિગા'** અથવા તો **'કન્નડિગારુ'** તરીકે ઓળખવામાં આવે છે.

## ➤ ઈરાની કપ 2018-19

તાજેતરમાં **રેસ્ટ ઓફ ઈન્ડિયા**ની ક્રિકેટ ટીમને પરાજય આપીને **વિદર્ભ**ની ક્રિકેટ ટીમે **સતત બીજી વખત ઈરાની કપ** જીતી લીધો છે. આ અગાઉ **વિદર્ભ**ની ટીમે **સૌરાષ્ટ્ર**ને પરાજય આપીને **રણજી ટ્રોફી 2018-19** પણ જીતી લીધી હતી. આ સાથે જ **વિદર્ભ**ની ટીમે **સતત બીજા વર્ષે રણજી ટ્રોફી** બાદ **ઈરાની ટ્રોફી** પણ જીતી લીધી છે. વિદર્ભની ટીમના કેપ્ટનનું નામ **શ્રી ફૈઝ ફઝલ** છે.

## ➤ ભારતીય નાવિકોની રોજગારીમાં 35 ટકાનો વધારો

કેન્દ્ર સરકાર દ્વારા તાજેતરમાં પ્રસિદ્ધ કરવામાં આવેલી માહિતી અનુસાર **શિપિંગ ક્ષેત્રે** ભારતમાં વર્ષ **2017**ની તુલનાએ **2018**માં **ભારતીય નાવિકોની** ભારતીય તથા વિદેશી જહાજો પર **રોજગારીમાં 35 ટકાનો વધારો** થયો છે.

## ➤ તમિલનાડુનો સ્ટરલાઈટ કોપર પ્લાન્ટ બંધ રાખવા સુપ્રીમ કોર્ટનો આદેશ

થોડા સમય અગાઉ તમિલનાડુમાં પાણી પ્રદૂષણના કારણે હિંસક વિરોધ થતાં **તમિલનાડુ** સરકારે **તુતિકોરિન** અથવા તો **તૂતુકુડી** જિલ્લામાં આવેલો વેદાન્તા ગ્રુપનો **સ્ટરલાઈટ કોપર સ્મેલ્ટિંગ પ્લાન્ટ** બંધ કરાવ્યો હતો. હવે **સુપ્રીમ કોર્ટે** પણ આ પ્લાન્ટને બંધ રાખવાનો આદેશ આપ્યો છે.

## ➤ ભારત - આર્જેન્ટિના વચ્ચે 10 કરાર પર હસ્તાક્ષર

તાજેતરમાં **આર્જેન્ટિના**ના **પ્રમુખ શ્રી મોરિશિયો મેક્રી** ભારતની મુલાકાતે આવ્યા હતા. તેમની આ મુલાકાત દરમિયાન **ભારત - આર્જેન્ટિના** વચ્ચે સુરક્ષા સહિત **10** જેટલા **કરારો પર હસ્તાક્ષર** થયા છે. **આર્જેન્ટિના International Solar Alliance (ISA)**માં પણ સામેલ થયું છે.

## ➤ RBI સરકારને રૂા. 28 હજાર કરોડનું વચગાળાનું ડિવિડન્ડ આપશે

**રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયા (RBI)**એ વચગાળાના ડિવિડન્ડ પેટે **કેન્દ્ર સરકાર**ને **રૂા. 28,000 કરોડ** આપવાનો નિર્ણય કર્યો છે. RBIના આ નિર્ણયથી કેન્દ્ર સરકારને નાણાંકીય ખાદ્ય ઘટાડવામાં મદદ થશે.

## ➤ સુશ્રી સુષ્મા સ્વરાજને ગ્રાન્ડ ક્રોસ ઓફ ધ ઓર્ડર પુરસ્કાર એનાયત

ભારતના વિદેશ મંત્રી **સુશ્રી સુષ્મા સ્વરાજને સ્પેન સરકાર** દ્વારા સ્પેનનો પ્રતિષ્ઠિત **ગ્રાન્ડ ક્રોસ ઓફ ધ ઓર્ડર પુરસ્કાર** એનાયત કરવામાં આવ્યો છે. તાજેતરમાં **નેપાળ**માં આવેલા ભૂકંપમાં સ્પેનના 71 લોકોને બહાર કાઢવામાં કરેલી મદદ માટે સુશ્રી સુષ્મા સ્વરાજનું આ સન્માન કરવામાં આવ્યું છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

ICE Questions

- તાજેતરમાં ગુજરાતની કઈ યુનિવર્સિટીમાં ગુજરાતના પ્રથમ મનોવિજ્ઞાન મેળાનું આયોજન થયું હતું ?
  – સૌરાષ્ટ્ર યુનિવર્સિટી
- તાજેતરમાં ભારત સરકારના વિદેશ મંત્રાયલ દ્વારા કયા દેશના આશરે 62 જેટલા સરકારી અધિકારીઓ માટે નવી દિલ્હી ખાતે એક શૈક્ષણિક કોર્સનું આયોજન થયું હતું ? – નેપાળ
- તાજેતરમાં ભારતના કયા રાજ્યની વિધાનસભામાં સંસ્કૃતને બીજી સત્તાવાર ભાષા બનાવવા માટે એક બિલ પસાર કરવામાં આવ્યું છે ? – હિમાચલ પ્રદેશ
- તાજેતરમાં ભારતના કયા રાજ્યમાં કન્નડિગા લોકોને ખાનગી ક્ષેત્રની ગ્રુપ C અને Dની નોકરીઓમાં પ્રાથમિકતા આપવાની જોગવાઈ કરવામાં આવી છે ? – કર્ણાટક
- ઈરાની કપ 2018-19 વિજેતા ટીમનું નામ શું છે ? – વિદર્ભ
- તાજેતરમાં ભારતમાં કોને પરાજય આપીને વિદર્ભની ટીમે ઈરાની કપ 2018-19 જીતી લીધો છે ?
  – રેસ્ટ ઓફ ઈન્ડિયા
- ઈરાની કપ 2017-18 અને 2018-19 તથા રણજી ટ્રોફી 2017-18 અને 2018-19 વિજેતા ટીમનું નામ શું છે ?
  – વિદર્ભ
- વર્ષ 2017ની તુલનાએ વર્ષ 2018માં ભારતીય નાવિકોની રોજગારીમાં કેટલા ટકાનો વધારો થયો છે ?
  – 35 ટકા
- તાજેતરમાં સુપ્રીમ કોર્ટે પ્રદૂષણના કારણે કયો કોપર પ્લાન્ટ બંધ રાખવાનો આદેશ આપ્યો છે ?
  – સ્ટરલાઈટ કોપર
- તાજેતરમાં ચર્ચામાં રહેલો સ્ટરલાઈટ કોપર પ્લાન્ટ ભારતના કયા રાજ્યમાં આવેલો છે ? – તમિલનાડુ
- તાજેતરમાં ભારતના પ્રવાસે આવેલા આર્જેન્ટિનાના પ્રમુખનું નામ શું છે ? – મોરિશિયો મેક્રી
- તાજેતરમાં ભારત અને આર્જેન્ટિના વચ્ચે કેટલા કરાર પર હસ્તાક્ષર થયા છે ? – 10
- RBI એ વચગાળાના ડિવિડન્ડ પેટે કેન્દ્ર સરકારને કેટલા રૂપિયા આપવાની તાજેતરમાં જાહેરાત કરી છે ?
  – રૂા. 28,000 કરોડ
- તાજેતરમાં ભારતના કયા રાજનેતાને સ્પેનના પ્રતિષ્ઠિત ગ્રાન્ડ ક્રોસ ઓફ ધ ઓર્ડર પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યા છે ? – સુશ્રી સુષ્મા સ્વરાજ

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

દરેક પ્રકારની સ્પર્ધાત્મક પરીક્ષા માટે ઉપયોગી ફ્રી ઓનલાઈન મટીરિયલ્સની માહિતી માટે icerajkot PAGE LIKE કરો.

FACEBOOK
icerajkot

આ મેગેઝિન ફ્રી મેળવવા માટે અમારી નવી AUTHENTIC TELEGRAM CHANNEL

(t.me / icerajkotofficial)
આજે જ JOIN કરો.




ALL TYPE OF COMPETITIVE EXAMS

| | | | |
|---|---|---|---|
| GPSC | SBI | PSI | TALATI |
| UPSC | PO | PI | Dy. S.O. |
| IBPS | CLERK | CONSTABLE | Dy. MAMLATDAR |

- સ્પર્ધાત્મક પરીક્ષાના નિષ્ણાતો દ્વારા અભ્યાસ.
- ગણિત, ENGLISH, ગુજરાતી અને સામાન્ય જ્ઞાનની સર્વગ્રાહી સફળ ફોર્મ્યુલા.
- પૂર્ણ સંભાવના ધરાવતા પ્રશ્નો સાથે તૈયારી.
- જરૂરી અને મર્યાદિત વાંચનના માધ્યમથી પરીક્ષાલક્ષી અને પરિણામલક્ષી તૈયારી.
- વ્યૂહાત્મક તૈયારી માટે અલ્ટ્રાપ્લાનિંગ.
- અનુભવી નિષ્ણાતો દ્વારા તૈયાર થયેલું ટુ ધી પોઈન્ટ અપડેટેડ સ્ટડી મટીરિયલ્સ.
- સ્માર્ટ વર્ક અને સમજણ શક્તિના સમન્વયથી અભ્યાસ.